
# અધ્યાત્મ



વર્ષ : ૧૬ જાન્યુઆરી–૧૯૯૫ અંક : ૪

## * હે મા, તારા જેવો થઈ જઈશ *

હે મારી મા !
તું મારા હૃદયમાં આવીને રહે.
પ્રેમરૂપ વૈકુંઠમાં રહેવું તને ગમે છે,
એવું હું સાંભળું છું.
અને મારા હૃદયમાં
તારા પ્રેમ સિવાય કાંઈ જ નથી.
એટલે ત્યાં તું અવશ્ય આવીને રહે.
તું આ વિશ્વની જનની છે.
તું પોતે જ વિશ્વરૂપિણી છે.
અરે, વિશ્વનું ભરણ કરનારી પણ તું જ છે.
કમલવત્ નિર્લિપ્ત નેત્રોએ
તું આ વિશ્વનું કૌતુક નિહાળનારી સાક્ષીરૂપિણી છે.
નિર્લિપ્તતાની તો તું ખાણ જ છે.
મારા હૃદયમાં રહેવાથી
તને તો કોઈ લેપ લાગવાનો જ નથી.
પરંતુ હું કેવળ તારા સ્પર્શથી જ
તારા ધ્યાનમાં તારા જેવો થઈ જઈશ.

વિનોબા

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| કબીરસુધા | પરમાર્થી | ૧૧ |
| મા શ્રી સર્વેશ્વરી—એક શક્તિ | મનોજ કાછીઆ | ૧૮ |
| ભગવો રંગ | પ્રાગજી ડોસા | ૨૩ |
| શ્રી અંબાલાલભાઇ શુક્લને શ્રદ્ધાંજલિ | તંત્રી | ૨૯ |
| પ્રવાસી સામી પારનો | ડો. રણજિત પટેલ (અનામી) | ૨૪ |
| પ. પૂ. સર્વેશ્વરી માના ચરણે | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૩૧ |
| પ્રેમોત્સવ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૩૨ |
| શ્રી અનિરૂદ્ધભાઇની અનોખી દાસ્તાન | નારાયણ હ. જાની | ૫૪ |
| પ્રેરક પ્રસંગો | ઝિંઝુવાડીયા કનૈયાલાલ | ૫૭ |


## * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના જાન્યુઆરી, ૧૯૯૫ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, એમ જાણવા મળ્યું છે. સત્સંગ મંડળનાં જે કોઇ ભાઇ-બહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા-પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એજ પ્રાર્થના. કેનેડા ને અમેરિકાના સત્સંગપ્રેમી ભાઇબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૧૪ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

—તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૬ જાન્યુઆરી–૧૯૯૫ અંક : ૪

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

### તા. ૧૨–૪–૮૧, સ્થળ : તલોદ (ચાલુ)

**પ્રશ્ન :** વ્યાવહારિક જીવનમાં ધર્મને કેવી રીતે વણી શકાય?

**પૂ. શ્રી :** તમે જ્યાં છો ત્યાં રહીને ધર્મમય જીવન જીવી શકાય. તમે વેપારી હો તો ધર્મથી વેપાર કરવો. નફો તો તમે વેપાર કરો છો એટલે લેવાના જ. પણ તે નફો કેટલો લેવો તે નક્કી કરવું. દૂધનો વેપાર છે તો દૂધમાં પાણી નાંખવું જ નથી, ચોખ્ખું જ આપીશ, ભલેને જેને લેવું હોય તે લે. ભલે ગ્રાહકો ઓછા આવે, ઠગવા કોઈને નથી. માણસ જોઈને કે ગવર્મેન્ટ જોઈને ભાવ વધારવા નથી. નીતિ પ્રમાણે જીવી સમાજને ઉપયોગી થવાનું છે. ચાંદલો કરું છું, મંદિરમાં જાઉં છું તો બદમાશીથી શા માટે જીવવું?—એવું વિચારો. કઠોર વાણી ન બોલું, મા–બાપની સેવા કરું. સંપથી જીવું.



**પ્રશ્ન :** વેપારીઓ માટે એ બરાબર છે પણ બેનો માટે શું?

**પૂ. શ્રી :** બેનો વડીલોની સેવા કરે, બાળકોને સંસ્કાર આપે, પ્રાર્થના, ધર્મની વાતો, મહાપુરુષોની વાતો શીખવે. સમયસર ભોજન આપે. સવારે સમય ન મળે તો બપોરે થોડી માળા, જપ, પ્રાર્થના કરે કે ગીતા રામાયણ વાંચે. અથવા જે વાંચતા હોય તે સાંભળે. દુઃખીઓને હાથ લાંબો કરે. કોઈકને કપડું, તો કોઈકને અન્ન, કોઈકને ફી તો કોઈકને ચંપલ. જરૂર પ્રમાણે દાન કરે. સ્ત્રીઓ દાન કરે. પુરુષો પણ દાન કરે. બંને એકમેકને પ્રેરણા, પ્રોત્સાહન ને સહકાર આપે. સ્ત્રીપુરુષ બંનેના સહયોગથી ગૃહસ્થાશ્રમ સારો બને. તેની અસર બાળકો પર થાય. દેવોને પણ દુર્લભ એવો ગૃહસ્થાશ્રમ કહ્યો છે.

આપણા ઋષિમુનિઓ આદર્શ ગૃહસ્થાશ્રમી જ હતા. અત્રિ–અનસૂયા, વશિષ્ઠ અરુંધતી. ધર્મ, અર્થ, કામ, મોક્ષથી ગૃહસ્થાશ્રમ તપોવન બની જાય. જીવન સારું બની જાય.

આજે ભોજનબાદ મુલાકાતની બેઠક શરૂ થઈ ઘડિયાળમાં ૧–૧૦ થઈ. પૂ. શ્રીએ કહ્યું હવે ઊઠવું જ જોઈશે. વચ્ચે બે–ત્રણ પ્રશ્નો પૂછાયા, જેના જવાબોની નોંધ ન કરી. સૌ પ્રણામ કરી વિદાય થયા.

પૂ. શ્રીએ પોતાના રૂમમાં આવીને શિવમહિમ્નના શ્લોકોને બે વાગ્યા સુધી જોઈ લેવાની પ્રવૃત્તિ શરૂ કરી પણ પોણાત્રણ સુધી એ પ્રવૃત્તિ ચાલુ રહી. પોણાત્રણથી પોણા બે કલાક આરામ કર્યો.

સાડાચાર વાગ્યે પૂ. શ્રી સંતરું ને શેરડીના ટૂકડા લે છે. ત્યારબાદ હાથપગ ધોઈ સવારે રામાયણનો કાવ્યાનુવાદ લખાયેલો તેને સારા અક્ષરે ઉતારવાનું કાર્ય પોણા છ સુધી કરે છે. સખત

ગરમી હોવાથી પૂ. શ્રી પોણા છ પછી સ્નાન કરી ધોતિયું, બંડી, શાલ શરીર પર વીંટે છે. ત્યાં તો ૬–૧૫ થઇ જાય છે.

પૂ. શ્રી દ્વાર ઊઘાડે છે. શ્રી બાબુભાઇ વિગેરે આવીને બેસે છે. પૂ. શ્રી સાથે શિબિરની પત્રિકાની વાતો થાય છે. પોણા સાત સુધી એ કાર્ય ચાલે છે. ત્યાર પછી પ્રવચન સ્થળે જવા નીકળવાનું બને છે.

આ ઉતારો વલ્લભકુંજ સોસાયટીના ૧૭ નંબરના બંગલામાં છે. ત્યાંથી તલોદ ગામમાં દૂર પ્રાથમિક શાળા આવી છે. તેમાં પ્રવચનો છે. અહીંથી તે સ્થળ દૂર પડે છે. જેથી ગાડીમાં જ જવાનું બને છે. પ્રવચન સ્થળ પર પૂ. શ્રી આવી જાય છે. એક સ્ટેજ પર એક પાટ છે તે પૂ. શ્રીની બેઠક છે. વળી એની પાસે જ નીચે એક બેઠક છે. જેના પર સર્વેશ્વરી બેસે છે. પ્રાર્થના બાદ ફૂલહાર અર્પણ કર્યા બાદ પ્રવચનની પૂ. શ્રી શરૂઆત કરે છે.

આજે પ્રવચનમાં જીવનનું સારથિપદ પ્રભુને સોંપવાની બાબત ઉપર ભાર મૂકાયો. પ્રવચન બાદ ફરી ગાડીમાં ઉતારા પર આવી ગયાં. ઉતારા પર પૂ. શ્રીનો રૂમ ખોલી દેવામાં આવે છે જેથી પૂ. શ્રી અંદર આવે છે. સર્વેશ્વરી બહાર શ્રી જીતુભાઇ અને કુંદનબેન રાણા સાથે ઊભાં ઊભાં વાતો કરે છે. પૂ. શ્રી રૂમમાં ધૂન મોટેથી બોલતા સંભળાય છે.

હરિઃ ૐ તત્સત્ હરિઃ ૐ તત્સત્,
જપાકર, જપાકર, હરિઃ ૐ તત્સત્,
રટાકર, રટાકર, હરિઃ ૐ તત્સત્.

ધૂન બોલતાં બોલતાં ધોતિયાને બદલે ૧॥ વારનો ટુકડો શરીર પર વીંટે છે. બહાર ધૂન બોલતાં બોલતાં આવે છે. અંદર જાય છે.



વળી પાછા ધોતિયાની ગડી વાળતા વાળતા બહાર આવે છે. ધૂન બોલવાની ચાલુ જ છે. બહાર આવીને અભિનય સાથે કહે છેઃ–

જપેગા તો દોનો હી હાથોંમે લડ્ડુ,
જપાકર જપાકર હરિઃ ૐ તત્સત્.

થોડી વાર બહાર ઊભા રહી રસોડામાં મહારાજ પાસે પૂ. શ્રી પહોંચી જાય છે. તેમને સમજ આપે છે. ભોજનમાં કેટલું કેટલું મૂકવાનું તે સમજાવે છે.

આ ઉતારામાં કુલ ચાર રૂમ છે. એક રૂમમાં પૂ. શ્રીનો પલંગ, બીજા રૂમમાં સર્વેશ્વરીનો પલંગ ત્રીજો રૂમ મુલાકાતીનો અને ચોથો રૂમ રસોડાનો છે. પૂ. શ્રી બીજા રૂમમાં ભોજન લે છે. પૂ. શ્રીની બેઠક પાટલા પર છે. સામે બે પાટલા. એક ઉપર થાળી ને બીજા ઉપર રસોઇની સામગ્રી. નાની નાની તપેલીઓમાં થોડું થોડું લાવીને મૂકવામાં આવે છે. એમાંથી પૂ. શ્રી પોતે જ પોતાની થાળી ને સર્વેશ્વરીની થાળીમાં પીરસે છે.

ભોજન સમયે કોઇની પણ હાજરી પૂ. શ્રી ઇચ્છતા નથી. ભોજનમાં આજે પૂ. શ્રી ખૂબ થોડી ખીચડી ને દૂધ લે છે. પૂ. શ્રીના ભોજન બાદ રસોઇ બનાવનાર રવિશંકર મહારાજ ભોજન લે છે. તે દરમ્યાન પૂ. શ્રી મુલાકાતીવાળા રૂમમાં બેસે છે. થોડી વાતો થાય છે.

ત્યાં સુધીમાં સફાઇ વગેરે થઇ જાય છે. સૌ વિદાય થાય છે. શ્રી જીતુભાઇ, શ્રી વિજયભાઇ, શ્રી કુંદનબેન આવતીકાલે વિદાય થશે. તેમની સાથે પૂ. શ્રી થોડીક જરૂરી વાતો કરી લે છે.

દશ વાગ્યે પૂ. શ્રીના દ્વાર બંધ થાય છે. ત્યારબાદ સર્વેશ્વરી સાથે પૂ. શ્રી ધ્યાનમાં બેસે છે. ત્યારબાદ આરામ. હરિઃ ૐ

**તા. ૧૩–૪–૮૧, સોમવાર, ચૈત્ર સુદ દશમ, ૨૦૩૭, સ્થળ : તલોદ**

રાત્રે ૧૨ થી ૩ પૂ. શ્રી પોતાના જપ કરે છે. સર્વેશ્વરી ૩ થી ૫ જપ કરે છે. નિયમિત સ્નાન–વ્યાયામ દૂધ પી લેખનકાર્ય કરવા પૂ. શ્રી બેસી જાય છે.

રામાયણનું કાવ્યમાં લેખન કોઇ કોઇવાર ગાતાં ગાતાં કરે છે, વળી કોઇકવાર સર્વેશ્વરીને પણ સંભળાવે છે. ૧૦ વાગ્યા સુધી આરામ કર્યા વિના લેખન કાર્ય ચાલુ જ રહે છે. થોડો આરામ કરી ફરી દાઢી વગેરેથી નિવૃત્ત થઇ બે કાવ્યોનું લેખન કરી લે છે. પછી લુંગી ને બદલે ધોતિયું પહેરી સાડા અગિયારે પૂ. શ્રી દ્વાર ખોલે છે.

ભોજનની તૈયારી દસેક મિનિટમાં થઇ ગઇ. જેથી પૂ. શ્રી રૂમ નં. ૨ માં ભોજન લેવા માટે પાટલા પર બેસવાની શરૂઆત કરે છે. પાટલા પર પૂ. શ્રી મોટેથી બોલતાં બોલતાં બેસે છે.

ૐ ગોવિંદાય નમઃ, ૐ તાલુકાય નમઃ

પૂ. શ્રી બોલે છે. સર્વેશ્વરી તેમની સામે જ જોયા કરે છે, પણ પૂ. શ્રી તો આગળને આગળ બોલતા જ જાય છે. ક્ષણિક સર્વેશ્વરીને થયું કે સાંભળવામાં ભૂલ થાય છે કે શું? ના, એવું નથી. ખૂબ સ્પષ્ટપણે પૂ. શ્રી તાલબદ્ધ રીતે બોલતાં જ જાય છે. ફરી હસતાં હસતાં–

ૐ તાલુકાય નમઃ, ૐ જીલ્લાય નમઃ

પ્રાથમિક શાળાયૈ નમઃ, એમ બોલે છે.

ભોજનની થાળીમાં નાની નાની તપેલીઓમાં જે ભોજનના પદાર્થો છે તેને એક કપડાંથી ઢાંકી દીધો છે. તેને ઊઘાડવામાં આવે છે. ભોજનમાં કઢી, ભાત, શાક, ભાખરી મગની દાળ મૂક્યાં



છે. તેને જોઇને વળી પૂ. શ્રી બોલવા લાગ્યા. "થોડું સારું ભોજન હોય તો ગાલ પૂરાય પણ ખરા. પણ અહીં તો અઠવાડિયું રહેવાનું થશે ને શક્તિ ઘટી જશે. એવો કહેવાનો પૂ. શ્રીનો આશય છે. વળી પીરસતાં પીરસતાં બોલે છે :

ૐ ગોપાલાય નમઃ, ૐ ગોવિંદાય નમઃ

–અને ભોજનની વાનગીઓને પ્રણામ કરે છે.

ભોજનના પદાર્થો પોતાની થાળીમાં લીધા બાદ પૂ. શ્રી ભોજન લેવાનું શરૂ કરે છે. શાકની વાટકી પૂ. શ્રીએ જોઇને જ ફરી મૂકી દીધી ને બોલવા લાગ્યા, "આમલી, ગોળવાળા બટાટાનાં શાકમાં મરચું ધમધમાટ લાગે છે. આવું શાક તો ક્યાંયે ખાધું નથી. ક્યારે ખાઇશું આવું ગોળ આમલીવાળું બટાટાનું ધમધમાટ શાક!"–આટલું બોલતાં બોલતાં પૂ. શ્રીને પંખો ચાલુ હોવા છતાં પરસેવો વળ્યો અને ગરમી લાગવા માંડી જેથી ઉપરના ભાગ ઉપર જે ઓઢવાનો કટકો છે તેને એક જ ખભા પર ઘડી વાળીને એક હાથે નાંખે છે. તેથી શરીરનો ભાગ થોડો ખુલ્લો થાય છે.

આમ આજે ભોજનમાં ખાસ કાંઇ ભાવ્યું નહીં એટલે ભોજન પૂરું કરે છે. પછી કહે છે કે ભોજન ભાવ્યું નથી તો હવે આપણે બપોરે તડબૂચ કે શેરડી જ લેવી પડશે. એથી સર્વેશ્વરીને શ્રી બાબુભાઇ વગેરેને સૂચના આપવા જણાવે છે. ત્યાં પૂ. શ્રીને બીજા રૂમમાં ટેબલ પર મૂકેલું સંતરું યાદ આવ્યું છે. ગઇકાલે પણ તેઓએ એક સંતરું ખાધું હતું.

આજે આ રીતે ભોજન કરતાં કરતાં પૂ. શ્રીએ આખો વખત કાવ્યમાં ગાતાં ગાતાં રમૂજની છોળો ઊડાડી, આનંદ આવ્યો. ભોજન પૂરું કરી પૂ. શ્રી થોડી રાબ લે છે. ત્યારબાદ મુલાકાત શરૂ થાય છે.

આજે નીચેના પ્રશ્નોની ચર્ચા થઇ:

(૧) મરણ પછી તરત જ જન્મ થઇ જાય?

(૨) કારણ શરીર કેવું હોય?

(૩) શ્રાદ્ધક્રિયા શી રીતે કરવી?

(૪) ધ્યાનના વિધિવિધાનની જરૂર પ્રભુમાર્ગે ખરી?

(૫) નવી પેઢીને સંસ્કાર સિંચન કરવા શું કરવું?

પ્રશ્નોત્તરી બાદ સૌને પ્રસાદ અપાય છે. પૂ. શ્રી આરામ કરે છે. બપોરે પૂ. શ્રી વાતો કરે છે. સર્વેશ્વરીને કહે છે : "બાબુભાઇનો ઉત્સાહ સારો કહેવાય આટલી ઉંમરે પણ આળસ, થાક, કંટાળો નથી. બે વાર તો અહીં ઉતારાની તપાસ માટે આવી ગયા. કોણ એવી રીતે બસમાં મુસાફરી કરીને આવે?"

નારણભાઇ જાનીના ભાઇ મુંબઇમાં રહેતા. મગનભાઇ એમનું નામ. અમે પહેલાં એમને ત્યાં ઉતરતા. પણ બહુ રસ ન બતાવે. ભજનકીર્તનના સમયે બીજે જતા રહે. પણ આણંદીમાં દર્શન થયું, જેમાં હું કરતાલ લઇને કીર્તન કરી રહ્યો છું. એ પછી તેઓ અનન્ય શ્રદ્ધાભક્તિ રાખવા લાગ્યા.

સાંજે ફરી ૧ કલાક પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. સમય થતાં ધોતિયું પહેરીને તૈયાર થાય છે. આજે વહેલાં છીએ જેથી બિલેશ્વર મહાદેવના દર્શને જવાનું બને છે. ત્યાંથી પ્રવચનમાં જવાનું બને છે.

પ્રવચનમાંથી ૯ વાગ્યે ઉતારા પર આવી જવાનું બને છે. ત્યારબાદ નાસ્તો ને દૂધ લઇ વિશ્રામ કરવામાં આવે છે. વિશ્રામ કરતાં પહેલાં પૂ. શ્રી થોડું ધ્યાનમાં બેસે છે.

પછી આરામ. હરિઃ ૐ. (ક્રમશઃ)



# કબીર સુધા

પરમાર્થી

કહેવાય છે કે કબીર સાહેબ અભણ હતા. હિંદી સાહિત્યના વિદ્વાનો મહદ્અંશે તેમને નિરક્ષર ઠેરવે છે. જોકે અક્ષરજ્ઞાનનું મહત્ત્વ અતિ મર્યાદિત છે. અક્ષરજ્ઞાન હોય તો જ આધ્યાત્મિક ક્ષેત્રની સર્વોત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે એવું કહી શકાય નહીં. આત્મિક વિકાસ માટે અક્ષરજ્ઞાન આવશ્યક ઠરતું નથી. નરસિંહ પહેલા કેટલું ભણેલા? મીરાંબાઇ કયી શાળામાં ગયેલી? ધીરો ભગત કયી ડીગ્રી ધરાવતો હતો? અખો શું કોઇ પ્રોફેસર હતો? દાદુ, નાનક, મલૂકદાસ, હરિદાસ, રસખાન શું ભણ્યા હતા? આજે આપણે જે ભણતરની ઇચ્છા રાખીએ છીએ તેવું ભણતર તેઓ પામયા નહોતા. છતાં તેમણે આધ્યાત્મિક જગતની શ્રેષ્ઠતમ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. મોટા મોટા ડીગ્રીધારીઓ જે ન કરી શકે તે તેમણે કરીને બતાવી આપ્યું છે. સમાજમાં તેઓનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું ગણાય છે. શ્રીરામકૃષ્ણ પરમહંસ ભલે ચાર ચોપડી ભણ્યા હતા પણ યુનિવર્સિટીના મોટા ડીગ્રીધારીઓ તેમને પગે પડતા હતા કારણ તેમણે આત્મિક વિકાસ રાધ્યો હતો. ડીગ્રી વિના પણ આત્મિક વિકાસ થઇ શકે છે, તેવું તેઓ સિદ્ધ કરે છે. કબીર સાહેબને જો આપણે અભણ માનીએ તો નિરક્ષર વ્યક્તિ પણ આત્મિક વિકાસ કરી શકે છે, તે પૂરવાર થાય.

પૂ. યોગેશ્વરજીએ મને કહેલું કે "બહુ વાંચ્યું, વિચાર્યું! તે સર્વ બાજુએ મૂકો! બને તો ભૂલી જાઓ! આત્મવિકાસમાં તે જરૂરી નથી. આત્મવિકાસમાં લાગી જાઓ. બહુ વાંચેલું હોય તેની બુદ્ધિ

ભ્રમિત થઇ જવાનો ભય પણ રહે છે." ગીતાનું કથન મને યાદ અપાવ્યું હતું :

યોગવૃત્તિ તો હોય છે એક લક્ષવાળી,
યોગહીન બુદ્ધિ ઘણાં હોય ધ્યેયવાળી! (અ. ૨/૪૧)

* * *

બહુ સુણવાથી છે થઇ બુદ્ધિ ચંચલ તે,
અચલ સમાધિ મહીં થશે ત્યારે યોગ થશે. (અ. ૨/૫૩)

આ રીતે પૂજ્યશ્રીએ મને સાવધાન બનાવ્યા હતા. સદ્‌ગુરુ કબીર સાહેબના જીવનમાં આ આધ્યાત્મિક સત્ય પ્રગટપણે આપણે જોઇ શકીએ છીએ. કબીર સાહેબ તો મીઠા જળના મહાન સરોવર જેવા છે. કોઇ પણ વ્યક્તિ તેનું પાણી પી શકે છે ને સંતોષનો અનુભવ કરી શકે છે. ભારતનો કોઇ ધર્મ કે સંપ્રદાય એવો નથી કે જે પોતાના મતની પુષ્ટિ માટે કબીરવાણીનો આશરો ન લેતો હોય! તેઓ ભલે અભણ હતા, છતાં તેઓ બહુશ્રુત હતા, વિદ્વાન હતા, શ્રેષ્ઠ કવિ હતા અને સર્વોત્તમ વક્તા પણ હતા.

શ્રવણની કળા જેને સિદ્ધ હોય તે બહુશ્રુત થઇ શકે છે, વિદ્વાન તરીકે પ્રખ્યાત પણ થઇ શકે. બહુ સાંભળવાથી જેની બુદ્ધિ ચંચલ ને ભ્રમિત થઇ જાય છે તે બહુશ્રુત વિદ્વાન ન થઇ શકે. શ્રવણદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાની રીત ભલે સરળ જણાતી હોય પણ તે ધારવા જેટલી સહેલી નથી. શ્રવણ કરનારના બધાનાં મન એકસરખાં નથી હોતાં. સત્સંગમાં ત્રણ પ્રકારના શ્રોતાઓ નજરે પડે છે : એક તો શ્રોતા બને છે પોતાના મતની કે વિચારની પુષ્ટિ મેળવવા માટે. અથવા તો સાંભળીને સરખામણી કરી પોતાનો અહમ્ પ્રદર્શિત કરવાના હેતુથી સત્સંગમાં જતો હોય છે. તેવો શ્રોતાવર્ગ શ્રવણથી કાંઇ જ પામતો નથી. બીજો વર્ગ છે સહાનુ-



ભૂતિપૂર્વક સાંભળનારનો. પોતાનો સદ્‌ભાવ તે રીતે પ્રગટ કરીને વક્તાનું માન જાળવનાર શ્રોતાવર્ગ મધ્યમ કક્ષાનો ગણાય છે. તેવા શ્રોતાઓના મનમાં પ્રતિક્રિયા તો ચાલતી જ હોય છે. છતાં પ્રથમ પ્રકારના વર્ગ કરતાં આવો વર્ગ ક્યારેક કાંઇ પ્રાપ્ત કરી લે છે ખરો. ત્રીજો વર્ગ છે શ્રદ્ધાથી મુગ્ધભાવથી સાંભળનારાનો. તેવા પ્રકારના શ્રોતામાં ખાસ કાંઇ પ્રતિક્રિયા થતી જણાતી નથી. તે પ્રેમથી વક્તાની શ્રીવાણીમાં એકરસ થઇ શકે છે. તેના મનમાં કોઇ અપેક્ષાનો, માન્યતાનો કે કોઇ કામનાનો તે સમયે અભાવ હોય છે. તેથી તેવો શ્રોતાવર્ગ ઉત્તમ ગણાય. જોકે એકલી મુગ્ધતા પર્યાપ્ત નથી, જાગૃતિ પણ આવશ્યક છે. કબીર સાહેબ તેવા જ જાગૃત શ્રોતા હતા. જાગૃત શ્રોતા સાંભળીને તરત જ પોતાના જીવનમાં તેનો અમલ કરવા મંડી પડે છે. ગંગા નદીને કિનારે ગુરુ રામાનંદદ્વારા મળેલો રામમંત્ર કબીર સાહેબના જીવનમાં પોતે બાળક અવસ્થામાં હોવા છતાં કેવો ક્રાંતિકારી સાબિત થયો હતો તે પ્રસંગ આપણે સૌ જાણીએ છીએ.

પૂ. યોગેશ્વરજીએ મને ઇ. સ. ૧૯૮૧ માં, અમેરિકામાં, અલોહા મોટલના પટાંગણમાં, સાંજે આંટા મારતા મારતા રાજા જનકનું દૃષ્ટાંત આપી શ્રવણને માટે શ્રદ્ધા, મુગ્ધતા અને જાગૃતિ અત્યંત આવશ્યક તે સમજાવ્યું હતું. રાજા જનક પ્રારંભમાં કાંઇ મહાજ્ઞાની ગણાતા નહોતા. તેઓ રાજા જરૂર હતા પણ રાજમદથી મુક્ત હતા. એક પૂર્ણિમાની રાતે તેઓ પોતાની રાણીઓ સાથે નૌકા વિહાર કરી રહ્યા હતા ત્યારે તેમણે આકાશ માર્ગે જઇ રહેલા બે સિદ્ધપુરુષોનો આત્મતત્ત્વ વિષેનો વાર્તાલાપ સાંભળ્યો હતો. રાણીને તે સંભળાયો નહીં કારણ કે રાજમદમાં તે મસ્ત હતી. તેનામાં શ્રદ્ધા ને મુગ્ધતાનો અભાવ હતો. રાજા જનક તો જાગૃત પણ હતા. તેથી બીજી જ ક્ષણે તેઓ ચિંતન–મનન ને

નિદિધ્યાસનમાં ગરકાવ થઇ ગયા હતા. આખરે તેવી અવસ્થામાં જ્ઞાન સમાધિ લાગી ગઇ હતી. તેમણે સાંભળેલી વાતને પોતાના જીવનમાં વણી લીધી હતી પરિણામે તેઓ મહાજ્ઞાની બની શક્યા હતા. તેઓ દેહધારી હોવા છતાં વિદેહી કહેવાતા હતા. જ્ઞાનની તે ઉત્તમ અવસ્થા ગણાય.

પૂજ્ય યોગેશ્વરજીએ શ્રીમદ્ રાજચંદ્રને પણ તે પ્રસંગે યાદ કર્યા હતા. માત્ર સાત વર્ષની ઉંમરે ફળિયામાં થયેલા વૃદ્ધના મરણના પ્રસંગથી તેમના જીવનમાં ક્રાન્તિ સરજાયેલી. તેમના પોતાના દાદાએ મરણ વિષે માહિતી આપતાં કહેલું કે હવે તે દાદા આપણે ત્યાં આવી શકશે નહીં, ચાલી શકશે નહીં, ખાય શકશે નહીં, બોલી શકશે નહીં, શ્વાસ પણ લઇ શકશે નહીં તેથી તેમને સ્મશાનમાં લઇ જઇ બાળી મૂકવામાં આવશે. છૂપી રીતે તેઓ સ્મશાને પહોંચ્યા હતા અને સમડીના ઝાડ પર ચઢી દૂરથી દૃશ્ય નિહાળતા હતા. ઝાડ પર જ તેમને જ્ઞાન સમાધિ લાગી ગઇ હતી અને જન્માંતરનું જ્ઞાન થયું હતું.

મને અત્યારે મહાત્મા ગાંધીજીનું બાળપણ યાદ આવે છે. માત્ર બારવર્ષની ઉંમરે તેમના જીવનમાં હરિશ્ચંદ્ર નાટક જોવાથી જે ક્રાંતિકારક અસર થયેલી તે તેમનામાં રહેલી શ્રદ્ધા, મુગ્ધતા અને જાગૃતિનાં દર્શન કરાવે છે. ખરાબ લત છોડી દઇને તેમણે જે આત્મિક વિકાસના પંથે પ્રયાણ કર્યું હતું અને નિર્ભયતાપૂર્વક સત્ય તે જ પરમેશ્વર છે એવી સતત અનુભૂતિ કરી હતી તે તેમને મહાન બનાવી દે છે. આ રીતે કબીર સાહેબના જીવનમાં ડોકિયું કરીશું તો આપણને તેઓ શ્રેષ્ઠ શ્રોતા હતા. તેથી તેઓ ઉત્તમ પ્રકારના બહુશ્રુત વિદ્વાન થઇ શક્યા હતા તેની પ્રતીતિ થશે.

તેઓ શ્રેષ્ઠ કવિ પણ હતા! અભણ વ્યક્તિ કવિ બની શકે?



કેમ ના બની શકે? જો અભણ વ્યક્તિ બહુશ્રુત વિદ્વાન બની શકે તો તે શ્રેષ્ઠ કવિ કેમ ન બની શકે? તેમની કવિતા ઓછા શબ્દોમાં જ્ઞાનસાગર ભરી દેવાની કળાથી યુક્ત છે. વેદાંતની કોઇ પરિભાષા નહીં, છતાં અદ્વૈતનો પરમ અનુભવ માત્ર બે જ લીટીમાં સચોટ ને સરસ રીતે કહી શકનાર શ્રેષ્ઠ કવિ જ હોય શકે–

લાલી મેરે લાલકી, જિત દેખું તિત લાલ,
લાલી દેખનમૈં ગયા મૈં ભી હો ગઇ લાલ.

તેમની કવિતા જ્ઞાનથી ભારેખમ નથી બની. સાવ લૂખી નથી બની. બલકે રસથી તરબોળ બની છે. સાંભળતાં જ કોઇનું પણ હૃદય આનંદથી નાચી ઊઠે એટલી પ્રાસાદિક પણ બની છે. પ્રકૃતિનું સૌંદર્ય પણ તેઓ માણી શકે છે. પ્રકૃતિના સૌંદર્યને પ્રતીકાત્મક બનાવી પોતાને થયેલી ગૂઢતમ અનુભૂતિને પણ લાઘવતાપૂર્વક તેઓ આલેખી શકવાની ત્રેવડ ધરાવે છે.

ગગનગરજિ, બરસૈ અમિ, બાદલ ગહિર ગંભીર,
ચહુ દિસિ ચળકે દામિની, ભીંજૈ દાસ કબીર.

ચાર ચાર મહિના સુધી ધરતી તપે તો વરસાદનું અમૃત તે પામી શકે છે તે અહીં ધ્વનિત થાય છે. એટલો બધો ઉકળાટ થાય કે જીવ અકળાય જાય. ત્યારે પવન પણ થંભી ગયો હોય. ત્યારે આકાશે કાળું વાદળ ઉમટેલું જણાય, કડાકા ભડાકા થતા સંભળાય, ચારે દિશામાં વીજળીના ચમકારા થતા હોય ને વરસાદના છાંટા ચાલુ થાય ત્યારે ધરતી પમરી ઊઠે છે અને મન પ્રસન્ન બની જાય છે. પવનની શીતળ લહરી વરસાદની અમીધારાને બરાબર મનમૂકીને વરસવા દે છે અને ધરતી અમીધારાથી ભીની ભીની તરબતર બની જાય છે. આબેહૂબ દૃશ્ય માત્ર બે લીટીમાં ખડું

કરીને કબીરસાહેબ પોતાને થયેલી યોગની ગૂઢતમ અનુભૂતિને સચોટ રીતે વ્યક્ત કરી દે છે. યોગની પરિભાષા વિના પ્રાકૃતિક પ્રતીકદ્વારા ઉત્થાન પામેલા પ્રાણની ઊર્ધ્વ ગતિનો નિર્દેશ પણ કરી દે છે. દેહમાં રહેલી શક્તિ જાગે ને ચક્રોને વેધતી ઊર્ધ્વગમન કરે, અનાહત નાદનું શ્રવણ થાય, ગગન ગુફામાં અમૃત રસ ઝરતો અનુભવે અને તેનું પાન કરી સહસ્રાર ચક્રમાં શિવના મિલનનો માદક અનુભવ કરી પરમાનંદમાં ડૂબી જવાનો અનુભવ કરે તે માત્ર બે જ પંક્તિમાં અભિવ્યક્ત કરનાર સામાન્ય કવિ તો ન જ હોય શકે!

જેમ શ્રેષ્ઠ કવિ હતા તેમ તેઓ શ્રેષ્ઠ વક્તા પણ હતા તે કેવી રીતે ભૂલી શકાય? તેમના યુગમાં સાકાર–નિરાકાર અને સગુણ–નિર્ગુણનો વિતંડાવાદ ચાલતો. તેને કારણે સાધકવર્ગમાં ભાંજગડ પણ થતી. તેવી કોઇ સભામાં કોઇએ કબીર સાહેબને પ્રશ્ન કર્યો હશે કે સગુણ નિર્ગુણ માટે તમારો શો મત છે ત્યારે તરત જ તેમણે હૃદયમાં સોંસરવી ઉતરી જાય તેવી ધારદાર રજૂઆત કરેલી–

સિરગુણકી સેવા કરો, નિરગુનકા કરુ જ્ઞાન,
નિરગુન સિરગુણસે પરે તહાં હમારા ધ્યાન.

માનવી મન સગુણ સાકારથી જ ટેવાયેલું હોવાથી પ્રારંભમાં સગુણ–સાકારનો ને આશરો લે તેમાં કાંઇ અજુગતું નથી. પણ સગુણ–સાકારની સેવા કરતા કરતા નિર્ગુણના રહસ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પોતાના મનને તૈયાર રાખવું જોઇએ. નિર્ગુણ–નિરાકાર તરફ તેની ગતિ ન થતી હોય તો સગુણ–સાકારની સેવા નિરર્થક છે. મન જ્યારે નિર્ગુણ–નિરાકારના રહસ્યને જાણી લે



ત્યાર પછી પણ સાધકની શ્રેયયાત્રા તો ચાલુ જ રહેવી જોઇએ. સાધકે નિર્વિકલ્પ સમાધિ સુધી પહોંચવાનું છે. મન અમન બને અથવા મન ઉન્મન બને તો જ નિર્વિચાર દશામાં સ્થિતિ થઇ શકે અને સમાધિ દશામાં પ્રવેશ થઇ શકે. સાધકનું ધ્યાન તો સગુણ–નિર્ગુણથી પર અવસ્થા પર પહોંચવાનું હોવું જરૂરી છે. તો જ આત્મવિકાસની પૂર્ણતા પ્રાપ્ત કરી શકાય. આ રીતે કબીર સાહેબ સચોટ જવાબ આપી શકતા હોવાથી શ્રેષ્ઠ ને સ્પષ્ટ વક્તા તરીકે પણ પ્રખ્યાત હતા. એક નહીં પણ અનેક દૃષ્ટાંતો પુષ્ટિ માટે ટાંકી શકાય એમ છે. સાધકને પ્રેમની આવશ્યકતા અને મહત્ત્વ પણ માત્ર બે જ લીટીમાં સમજાવી શકે છે–

પ્રેમ ન બાડી ઊપજે, પ્રેમ ન હાટ બિકાય,
રાજા પરજા જેહિ રુચે સિસદે, લેઇ જાય.

પ્રેમ કોઇ સ્થૂળ સંપત્તિ નથી. શાકભાજી કે ફળફળાદિ વાડીમાં ઉત્પન્ન કરી શકાય, પ્રેમ નહીં. તેનું મૂલ કોણ આંકી શકે? તે તો અમૂલ્ય છે. જો પ્રેમ હાટમાં વેચાતો મળી શકતો હોત તો ઘણી સરળતા થઇ જાત. પણ તેવું થયું નથી. રાજા હોય કે રંક, જ્ઞાની હોય કે અજ્ઞાની, નાનો હોય કે મોટો હોય, પ્રેમ માટે તો દરેકે બલિદાન આપવું પડે. જે સર્વસમર્પણ કરે તે પ્રેમની પ્રતીતિ કરી શકે, બીજો કોઇ નહીં. માથું આપીને પ્રેમ પ્રાપ્ત કરવાની આ રીત સાધકને ત્યાગ માટે જાગૃત બનાવી દે છે. આ રીતે તેમની વાણી શ્રેયમાર્ગ પર પ્રકાશ પાથરી દે છે. તેથી ભલે કબીર સાહેબ અભણ હતા પણ તેમની સ્વાનુભૂતિજન્ય વેધક વાણી તેઓ શ્રેષ્ઠ બહુશ્રુત વિદ્વાન, શ્રેષ્ઠ કવિ અને શ્રેષ્ઠ વક્તા હતા તે સહેલાઇથી પૂરવાર કરે છે.

# મા શ્રી સર્વેશ્વરી–એક શક્તિ

મનોજ કાછીઆ–પેટલાદ

હું મૂળ પેટલાદનો વતની છું મારું લગ્ન સુરત મુકામે થયું છે. મારા શ્વસુર પક્ષમાં હું જોઇ રહ્યો છું કે તેઓએ ગુરુના માધ્યમદ્વારા ઈશ્વરભક્તિનો માર્ગ અપનાવેલો છે. છેલ્લા દશ વર્ષથી લગ્ન થયાં છે, પરંતુ તે ગુરુના માધ્યમવાળો માર્ગ, તેના દ્વારા સહેલાઈથી થતી ઈશ્વરભક્તિનો ખ્યાલ હું તુરત જ અપનાવી નહોતો શક્યો. મને પ્રભુ પ્રત્યે અત્યંત શ્રદ્ધા પણ ખરી. પરંતુ ગુરુના માધ્યમદ્વારા તે સહેલાઈથી થાય તેનો ખ્યાલ હું કેળવી શકતો નહોતો. હું છેલ્લા અગિયાર વર્ષથી પેટલાદ લાયન્સ ક્લબનો સભ્ય છું ૧૯૮૮ માં એક વક્તાને પેટલાદ લાયન્સ ક્લબે બોલાવ્યા હતા. તે વક્તાના પ્રવચનમાં મુખ્ય એક વાત પર ભાર મુકાતો હતો. તેઓ વારંવાર કહેતા કે પ્રભુ પ્રાપ્તિ માટે જો કોઇ સહેલો માર્ગ હોય તો તે ગુરુ. ગુરુના માધ્યમદ્વારા તે વસ્તુ અતિ સહેલી બની શકે છે. ત્યારથી મેં નક્કી કર્યું હતું કે જીવનમાં એક સાચા ગુરુ હોવા જ જોઇએ.

યોગાનુયોગ પૂ. મા સર્વેશ્વરીનો એક કાર્યક્રમ તે જ સમયમાં સુરત ખાતે હતો. તેમાં મેં તેમનું પ્રવચન સાંભળ્યું. મારા શ્વસુર પક્ષમાંથી તેઓના મુખે થોડીક વાતો તો સાંભળી હતી. મનમાં નક્કી કર્યું કે ગુરુ તો હોવા જ જોઇએ. આ વાતનું સમર્થન અમને મળી પણ ગયું. અમને ખ્યાલ પણ ન હતો અને મારા સસરાએ "અધ્યાત્મ" માસિકનું આજીવન લવાજમ અમારા માટે ભરી દીધું. ત્યારબાદ જીવનમાં જાણે ચમત્કારની ઘટનાઓ બની. નિયમિત અધ્યાત્મ માસિકના વાંચન દ્વારા પૂ. માના વર્ષોના ઉપવાસ, પૂ. શ્રીની તપશ્ચર્યા તેમ જ બીજી ઘણી વાતો જાણી. ત્યારે ખરેખર એક સાચા સંતની પ્રતીતિ થઇ. જીવન કલ્યાણમય બની ગયું.



ઘણી વખત મેં સાંભળ્યું છે કે જીવનમાં ત્રણથી ચાર ગુરુ હોય છે. (૧) વ્યક્તિ જન્મ લે છે ત્યારે માતા તેની ગુરુ બને છે. (૨) વિદ્યાર્થીવસ્થામાં શિક્ષક તેના ગુરુ હોય છે. (૩) સામાજિક જીવનમાં સાચો સંત ગુરુ બને છે. મને યોગ્ય સમયે જ પૂ. મા જેવાં નિઃસ્વાર્થ, પરોપકારી ગુરુ મળ્યાં. કેવું અહોભાગ્ય! મને અને મારા માતાપિતા, નાનાભાઇ, તેમનાં પત્ની સર્વેને પૂ. મામાં અતૂટ શ્રદ્ધા બેસી ગઇ. જીવન કલ્યાણ થઇ ગયું. ત્યાર પછી 'પ્રકાશના પંથે'નું વાંચન કર્યું તેમ જ યોગેશ્વરજીના લખેલા ઘણા પુસ્તકો વાંચ્યાં. કેવું સુંદર પુસ્તક! કોઇ પણ વ્યક્તિને પ્રેરણાદાયી અને પ્રોત્સાહિત કરે તેવું પુસ્તક! ફરી ફરી વાંચવાનું મન થાય તેવું પુસ્તક.

આ મારી પૂ. માના અને પૂ. યોગેશ્વરજીના સાંનિધ્યમાં કેવી રીતે આવ્યા તેની પૂર્વભૂમિકા હતી. છેલ્લા બે ત્રણ વર્ષમાં અમને પરોક્ષ રીતે પૂ. કરુણામયી માના આશીર્વાદ ત્રણથી ચાર પ્રસંગોમાં જોવા મળ્યા. તેનું વર્ણન હું અહીં કરું છું.

(૧) મારી બેબીને કાકડા કોઇ કોઇ સમયે ખૂબ હેરાન કરે છે. હાલ તે નવ વર્ષની છે. ગમે તેમ હોય પરંતુ તેને તાવ રાત્રિના સમયે જ આવતો હોય છે. તેના શરીરનું તાપમાન ઘણી વખત ૧૦૩°થી ૧૦૪° સેન્ટીમીટર થઇ જાય છે. હવે રાત્રિના સમયે

કોઇ ડોક્ટરને બોલાવવું યોગ્ય ન કહેવાય. ઘણી વખત આખી રાત જાગવું પડતું. વર્ષમાં એક કે બે વખત આવું થાય છે. ત્યારે મારી બેબીને કોઇ દવાથી નહિ પરંતુ પૂ. માના નામથી પવિત્ર થયેલ લોકેટ ગળામાં પહેરી લેવાથી અચાનક બે ત્રણ કલાકમાં જ સ્વસ્થ થઇ જાય છે. તમો તેનો આત્મવિશ્વાસ અને શ્રદ્ધા જુઓ તો એવું લાગે કે પૂ. મા ખરેખર કેવી છે? પોતાના બાળકનું કેવું ધ્યાન રાખે છે. ખૂબ જ શ્રદ્ધા. શરીરમાં કાંઇ પણ થાય તો પ્રથમ દવા પૂ. મા સર્વેશ્વરીનું લોકેટ પહેરી લેવું. આ એક મનની શ્રદ્ધા છે. શ્રદ્ધા સાથે કોઇને પણ ખરા દિલથી યાદ કરો તો તે તમને જરૂર મદદ કરે છે.

(૨) મારા નાના ભાઇની પત્ની સંગીતાબેનને કરોડનો છેલ્લો મણકો પૂરો થાય ત્યાં આગળ કોઇક કારણોસર એક ફોલ્લી થઇ હતી. સમય જતાં તેનું ઉગ્ર સ્વરૂપ પકડાયું. દુ:ખ અસહ્ય બન્યું. ડોક્ટરને બતાવ્યું. ડોક્ટરે કહ્યું કે ઓપરેશન કરવું પડે તેમ છે. તેથી તેઓ તેમના પિયર વડોદરા ગયાં. ત્યાંના ખ્યાતનામ સર્જન ડૉ. એ. ટી. પટેલને ત્યાં ઓપરેશન કરાવ્યું. ડોક્ટરના કહેવા મુજબ આ રોગ અસાધ્ય છે. કોઇ ખાતરી નહિ. ફરીથી ગમે ત્યારે તે પાછું થવાની શક્યતા ખરી. છતાંય ઓપરેશન કરાવ્યું. ત્રણ ચાર માસ માટે રાહત થઇ, ફરી પાછું તે જ વસ્તુ, તે જ જગ્યાએ ફરીથી થવા માંડી. પાછો ડોક્ટરનો સંપર્ક સાધ્યો. આ વખતે પેટલાદમાં સર્જનને બતાવ્યું. પેટલાદના ડોક્ટરે પણ વડોદરાના ડોક્ટર જેવી જ વાત કહી. તેમણે તો એમ પણ કહ્યું કે જો આટલા મોટા ડોક્ટર મટાડી ન શક્યા તો હું ચોક્કસપણે કહી શકું તેમ નથી. તેમણે પ્રથમ ડોક્ટરે કરેલ ભૂલ શોધી કાઢી, કહ્યું કે "ડોક્ટરે આ ઓપરેશન કર્યા પછી ટાંકા ન લેવા જોઇએ. તેને



બદલે તેમણે ટાંકા લીધા છે. પરિણામે ફોલ્લી પાછી થઇ." તો પેટલાદના ડોક્ટરે ઓપરેશન કર્યા પછી ટાંકા લીધા નહિ. ઘાને ખુલ્લો જ રાખ્યો. રૂઝ આવે તેવી દવાઓથી તેનો ઘા રુજાવ્યો. સાથે કહ્યું પણ ખરું કે રોગ ૧૦૦% મટે તેવી કોઇ બાંહેધરી નહિ. છ માસ પછી પાછું તેનું ફરીથી પુનરાવર્તન થયું. ઘરમાં સૌને ચિંતા થવા માંડી. મારા નાનાભાઇનાં પત્ની રોજ પૂ. માની છબી પાસે સવારસાંજ અગરબત્તી કરી નિત્યપાઠ કરતાં. ત્યાર પછી તેઓએ અગરબત્તીની રાખ શ્રદ્ધાથી તે ફોલ્લી પર લગાડવા માંડી. આશ્ચર્યચકિત થઇ જવાય તેમ થયું. એક જ માસમાં તે ફોલ્લી ગાયબ. નામનિશાન ન રહ્યું. છેલ્લા એક વર્ષથી તેની કોઇ ફરિયાદ નથી. કેવો ચમત્કાર! જે વસ્તુ ઓપરેશન (બે વખત કર્યા પછી)થી શક્ય ન બની તે પૂ. માની પ્રસાદીથી મટી ગઇ! પછી તો પૂછો જ ના. અત્યંત શ્રદ્ધા, વિશ્વાસથી ત્યારબાદ મારાં પત્ની, મારા નાના ભાઇનાં પત્ની, મારી બેબી સૌ સવાર સાંજ પૂ. મા અને પૂ. યોગેશ્વરજીની પ્રાર્થના કરવી, આરતી કરવી, સ્નાન કરતી વખતે પ્રાર્થના, સૂતા પહેલાં પ્રાર્થના, યોગેશ્વર બાવની, સર્વેશ્વરી બાવની, વગેરે ઘરમાં નિયમિત કરવા માંડયાં. કેટલી માનસિક શાંતિ મળે છે! પૂ. મા ખરેખર પરમ શક્તિસ્વરૂપ છે.

(૩) મારા સાળાને પગમાં પુષ્કળ કણીઓ પડી ગઇ હતી. ચાર પાંચ વર્ષ પહેલાની વાત છે. ફેમીલી ડોક્ટરને બતાવ્યું. તેમણે કહ્યું કે કણી કપાવવા સિવાય કોઇ ઉપાય જ નથી. એક બે કણી હોય તો દવાથી બેસાડી શકાય. આટલી બધી કણી દવાથી બેસાડવી શક્ય નથી. બીજા બે ત્રણ ડોક્ટરે પણ એવી જ સલાહ આપી. પણ તેણે પૂ. શ્રીની છબી પાસે અગરબત્તી કરી તેની રાખ પગે લગાડવા માંડી. ખૂબ જ થોડા દિવસમાં એક પછી એક કણી

અદૃશ્ય થવા માંડી. કેવી દયા! કેવો ચમત્કાર! અમને એમ લાગ્યું કે પૂ. શ્રી સંત ઉપરાંત ચમત્કારિક ડોક્ટર પણ છે. ખરેખર તમો જો ઈશ્વરની ખરા દિલથી પ્રાર્થના કરો તો તમને તે જરૂર સહાય કરે છે. તેના માટે થોડીક ધીરજ ધરવી જોઈએ.

(૪) મારો નાનો ભાઈ એક વખત ખંભાત (પિટલાદથી ત્રીસ કિ. મી. દૂર) કામ અર્થે ગયો હતો. સાંજ થઇ ચૂકી હતી. સંધ્યા થઇ ને રાત્રિનો અંધકાર ઉતરવા માંડયો હતો. તે જ દરમ્યાન રસ્તામાં પાછા આવતા સ્કૂટરનો ક્લચ વાયર તૂટી ગયો, હેડલાઈટ બંધ થઇ ગઇ. મૂંઝવણનો પાર ન રહ્યો. અંધારામાં આજુબાજુ કોઇ સ્કૂટર રીપેર માટેનું ગેરેજ પણ નહતું. આવા કપરા સંજોગોમાં એક જ વસ્તુ શક્ય બને કે સ્કૂટર જે તે જગ્યાએ જ મૂકી બીજા કોઇ વાહનમાં પેટલાદ આવી જવું પડે. છેલ્લે તેણે પૂ. માના સ્મરણ સાથે સ્કૂટર ચાલુ કર્યું તો આશ્ચર્ય સાથે સ્કૂટર ચાલુ થઇ ગયું! અને કોઇ પણ તકલીફ વગર તે પાછો પેટલાદ આવી ગયો. ખરેખર તે સમય જેણે અનુભવ્યો હોય તેને જ સાચી વાસ્તવિક પરિસ્થિતિનું ભાન થાય. ત્યારથી મારા ભાઈએ નક્કી કર્યું કે કોઇ પણ સમસ્યા થાય તો પૂ. માને આગળ ધરવાં, જેથી પ્રથમ તબક્કે જ તેનું નિરાકરણ થઇ માર્ગ સરળ અને, મોકળો બને. મા કેવી કૃપાળુ છે! કઇ કઇ જગ્યાએ કેવી રીતે ધ્યાન આપે છે. તેનો અંદાજ પણ કલ્પી ન શકાય. ખરેખર મા સર્વવ્યાપી છે. હરિઃ ૐ

**નોંધઃ**–હાલ રાજકોટના સત્સંગ મેળામાંથી શ્રી જે. કે. પટેલના જીવન પરિવર્તનની પ્રેરણા મને મળી છે. સમય મળે એટલે પૂ. માને યાદ કરવા. બસ, જીવન ધન્ય બની જાય છે.



# ભગવો રંગ

**પ્રાગજી ડોસા**

૧૯૭૭ એપ્રિલની ચોથી તારીખ. હું ટાટા મેમોરીઅલ હોસ્પિટલમાં સ્પેશ્યલ રૂમમાં ખાટલા પર સૂતો હતો. સમય રાતના ૧૧ વાગ્યાનો હતો. મને ગળાનું કેન્સર થયું તે ચાર દિવસ પહેલાં જ ઓપરેશન કરી મારી સ્વરનળી કાઢી નાંખવામાં આવી હતી. હું વાચાહીન હતો. શ્વાસ પણ હું મુખ કે નાકદ્વારા નહીં પરંતુ મારા ગળામાં કાણું પાડવામાં આવ્યું હતું ત્યાંથી લેતો હતો. તાજું જ ઓપરેશન હતું એટલે શ્વાસનળીમાં કફ ભરાતો. મારી સારવારમાં પ્રૌઢ વયની નર્સ હતી તે મારા ખાટલાની બાજુમાં સક્શન પંપ હતું તેની નળી મારા ગળાના કાણામાં નાખી કફ બહાર ખેંચી કાઢતી. પણ ત્યાં સુધી મારે કંઠે પ્રાણ આવતા, ગુંગળામણ થતી. એ કફના વારંવાર ભરાવાને કારણે નિંદરડી વેરણ બની હતી.

બારી બહાર નજર ગઇ. આકાશી તારલાઓ ટમટમતા હતા. પશુપંખી પણ જંપી ગયાં હતાં. મારા રૂમની બહારના પેસેજમાં કોઇ ઈમરજન્સી કેસના દર્દીને લઇ જતી સ્ટ્રેચર–ગાડીનો ઘરઘરાટ સંભળાતો હતો. ડોક્ટર અને નર્સોના બૂટના ચમચમાટ અવાજો આવતા. મેં નર્સને જણાવવા મારા પડખામાં પેન અને પેડ હતાં તેમાં લખ્યું.

'નર્સ, મને ઊંઘ નથી આવતી. તમે તો કેટલાય દર્દીઓની સારવાર કરી હશે તો એકાદ કિસ્સો મને સંભળાવો.'

નર્સે વાત ઉપાડી. 'ત્રણ વર્ષ પૂર્વે આ હોસ્પિટલમાં બાવીસ

વર્ષની એક સાધ્વી (NUN) મીસ એલીઝા સ્તનના કેન્સર માટે દાખલ થઇ. તે વખતે મને ડે-ટાઇમ નર્સ તરીકે રોકવામાં આવી. એના મુખ ઉપર આધ્યાત્મિક દિવ્ય ઈશ્વરી તેજ ઝળકતું હતું. શાન્ત અને સ્થિતપ્રજ્ઞ જેવી સૌમ્ય મૂર્તિ હતી. સેન્ટ મેરી ચર્ચમાં એ નન હતી. મને ઇંતેજારી થઇ આવી. યુવાન વય અને લાવણ્યમયી હોવા છતાં એ સાધ્વી શા માટે થઇ? પણ પૂછવાની હિંમત ન થઇ. એના ભૂતકાળના કોઇ દુઃખમય ઘાના સંભારણા પુનઃ જાગૃત થતાં એને દુઃખ થશે. નહાવા માટે એ બાથરૂમમાં જઇ શકે તેમ નહોતું કારણ ઓપરેશન થયું હતું. મેં એના શરીરે સ્પન્જ કરી નવા કપડાં પહેરાવ્યાં. એણે કહ્યું.

'નર્સ તમે પ્રભુ પ્રાર્થનામાં માનો છો?'

'હા, મારા ઇષ્ટદેવને હું પણ પ્રાર્થું છું.'

'સરસ. ખરા હૃદયની પ્રાર્થના હોય તો જીવાત્મા ઉપર માયાના થર જામ્યા છે તે ક્રમે ક્રમે દૂર થાય છે. હું પણ એ જ કરી રહી છું અને જ્યારે એ થર સમુળગા નાશ પામશે ત્યારે મને Divine Light દિવ્ય પ્રકાશ દેખાશે.'

અને એ પ્રાર્થના કરવા માંડી. આંખો બંધ કરી એણે ઇસુખ્રિસ્તનું ધ્યાન ધર્યું અને પછી ધીમેથી બોલવા લાગી. 'Our Father which art in heanen Hallowed be thy name.....and let your light so shine before men, that they may see your good works and glorify your Father' એ છેલ્લી પંક્તિઓ હતી Amen કહી દસ મિનિટ સુધી એ ધ્યાનસ્થ દશામાં જ રહી.

મારા ગળામાં ફરી કફ બાઝ્યો હતો તે સક્શન પંપની નળી વાટે બહાર કાઢી નર્સે વાત આગળ ચલાવી.



'મારાથી ન રહેવાયું તે મેં એને પૂછ્યું દીકરી આટલી નાની વયમાં તું સાધ્વી થઇ તેની પાછળ જરૂર કંઇ કારણ હશે? અને એણે અતીતના પાનાં ઊઘાડયાં. હું હિન્દુ છું પણ બાળપણમાં પપ્પાએ મને મિશનરી સ્કૂલમાં ભણવા મૂકી. ત્યાં સ્કૂલ શરૂ થતાં પૂર્વે હું હમણા બોલી એ જ પ્રાર્થના અમને ગવડાવતા. બધી બાળાઓમાં મારો અવાજ જુદો તરી આવતો. હું સારું ગાતી એટલે પછી હું ગવડાવું અને વિદ્યાર્થીનીઓ ઝીલતી. મારી એક આત્મીય કહેવાય એવી બહેનપણી પણ હતી. એનું નામ ગીતા. અમારા દેહ જુદા પણ આત્મા એક. એનાં માબાપ ધાર્મિક વૃત્તિવાળાં એટલે એને ગુજરાતી મિડિયમની સ્કૂલમાં ભણવા મોકલી.

હું ચૌદ વર્ષની થઇ ત્યારે મારી સ્કૂલના આચાર્યાએ મને કહ્યું આજે સેન્ટ મેરી ચર્ચનાં મધર આપણી સ્કૂલમાં આવવાનાં છે ત્યારે પ્રાર્થના તારે ગવડાવવાની છે. મધર પધાર્યાં હું ગવડાવવા ઊભી થઇ ત્યારે એમના ગળામાં ક્રોસ ઝૂલતો હતો તે મારી સામે ધર્યો. મેં મારો જમણો હાથ મારે માથે, છાતી અને બંને ખભા પર અડાડી ક્રોસનું ચિહ્ન કર્યું પછી ગવડાવ્યું. બધાએ ઝીલ્યું. મધર પ્રસન્ન થયાં અને આચાર્યાને કહ્યાં;

'આ વિદ્યાર્થીને લઇ ચર્ચમાં આવજો.' બીજે દિવસે હું ગઇ અને ત્યાં મેં Lead Kindly light ગાયું. આખી સભા ઝૂમી ઊઠી અને મધર બોલ્યાં.

'આ છોકરી તો આપણા ચર્ચમાં જોઇએ.' એકી અવાજે સભાએ એ સૂચન વધાવ્યું. મધરનું વાક્ય મારા હૈયામાં કોતરાઇ ગયું. 'આ છોકરી તો આપણા ચર્ચમાં જોઇએ.'

એક વખત અમારી સ્કૂલમાં મેળાવડો હતો. હું ગીતાને લઇ ગઇ હતી. આચાર્યાએ એને પણ ગાવાનું કહ્યું અને એણે સંત કબીરજીનું ભજન ઉપાડયું.

'ઘૂંઘટકા પટ ખોલ તોહે પિયા મિલેંગે.'

આખું ભજન ગાયા પછી એ પદમાં રહેલું ગૂઢ તત્ત્વ એણે અંગ્રેજીમાં જ સમજાવ્યું. બધા ખુશ થયા. એને અભિનંદન આપ્યા. બેએક વર્ષ વીત્યાં. મેં પરીક્ષાઓ પાસ કરી લીધી હતી અને કોલેજમાં સોશિયોલોજી વિષય લીધો હતો પણ અમારા કુટુંબના જીવનમાં નવો વળાંક આવ્યો. પપ્પા વ્યાપાર અંગે અમેરિકા ગયા. શરૂઆતમાં તો પત્રો આવતા પછી પત્રો આવતા બંધ થયા અને એમની ઓફિસના મેનેજરને ફોનથી સૂચના આપી કે બિઝનેસ સમેટી લેવું છે. અમને જાણ થતાં અમે ચોંકી ઊઠયાં. મમ્મીથી ન રહેવાયું તે પપ્પા પાસે ગઇ અને આઘાત અનુભવ્યો. પપ્પાએ ત્યાં બીજાં લગ્ન કર્યાં હતાં. મમ્મીએ કહ્યું અહીં રહેવું હોય તો અમારી ચાકરડી તરીકે રહે. મમ્મીનું હૈયું ભાંગી ગયું. એ પાછી આવી. મેં પૂછ્યું તો મને કહે.

'તારા પપ્પામાં રહેલી વાસનાની સૂતેલી સાંપણ જાગી ઊઠી અને એક મઢયમને પરણી બેઠા છે.'

એ આઘાતે દિવસે દિવસે મમ્મી મોતના મુખમાં જઇ રહી હતી અને એક દિવસ જીવનદીપ ઓલવાઇ ગયો. હું એકલી પડી. સમયની પાંખ પર હું ઊડતી વૃક્ષ પરથી ફંગોળાયેલા પાંદડાંની પેઠે કોણ જાણે હું ક્યાં જઇને પડીશ. મને મધરના શબ્દો યાદ આવ્યા. હું મધર પાસે ગઇ અને નન બનવાનો નિશ્ચય જણાવ્યો. મોટા પાદરી આવ્યા. વિધિપૂર્વક હું નન બની. નામ એલીઝા રખાયું.



સાંજે ચાર વાગે ભગવા વસ્ત્રધારી યોગીની મૈયા આવ્યાં. એલીઝાએ ઓળખાણ કરાવી. 'મેં મારી બહેનપણી ગીતાની વાત કરી હતી તે જ આ યોગીની મૈયા. એની માતાના મૃત્યુ પછી પિતા વૈરાગી બન્યા અને હું નન બની છું જાણી એ પણ સંસાર ત્યાગ કરી સાધ્વી બની.' મેં સહજ પૂછ્યું 'ભગવા વસ્ત્ર શા માટે પહેરો છો?' મૈયાએ કહ્યું.

'કાષ્ટ બળે ત્યારે અગ્નિનો રંગ ભગવો હોય છે, અમે પણ વિષયોને બાળી નાંખીએ એટલે ભગવો રંગ અપનાવ્યો.'

હું એને પ્રણામ કરવા જતી હતી તો મને અટકાવી. 'સ્ત્રી માત્ર શક્તિ સ્વરૂપ છે અને તમે તો મારાં માતાતુલ્ય છો.'

મને એના પ્રત્યે માન ઉપજ્યું. આ વયમાં કેટલી સમજદારી! પછી બંને પ્રાર્થનાના વિષય પર ચર્ચા કરવા લાગી, એલીઝાએ કહ્યું, 'લોર્ડ જીસસ પણ પર્વત ઉપર જઇ પ્રાર્થના કરી બળ મેળવતા. મૈયાએ કહ્યું, ગુરુ નાનકદેવ પણ કહેતા. 'હે મન! કપટ વિનાની માળા પહેરી, ધ્યાનની ભસ્મ લગાડી સત્યની સીડી ચડવા માંડ. પ્રભુપ્રેમની લહરનો તાર તને પ્રભુમિલન કરાવશે.' પછી મૈયા શિવ સંકલ્પ એવું કંઇ બોલ્યાં. મેં પેડ પર લખ્યું.

'તન્મે મનઃ શિવ સંકલ્પ મસ્તુ' શુક્લ યજુર્વેદની ઋચા છે. 'મારું મન શુભ સંકલ્પ કરનારું થાઓ.'

મૈયાએ કહ્યું, 'મન તો સૂતી વખતે સુષુપ્તિ અવસ્થામાં વિલય પામે છે એટલે એનો ચાલક પ્રાણ છે. પ્રાણ મૃત્યુને આધીન છે તેથી પ્રાણને શક્તિ અર્પનાર આત્મા છે. આત્માના બાધક વિષયો છે તેથી વિષયોના ત્યાગથી આત્માને ઓળખી શકાય.'

આ વખતે ચર્ચના મધર આવ્યાં અને એલીઝાના ખબર

પૂછ્યા, પછી એમણે પણ ચર્ચામાં ભાગ લીધો અને તેમણે બાઇબલમાંથી જીસસે કુમારિકાઓને કહ્યું હતું તે બોલ્યા, "Ye Virgins! keep your lantear lit. For ye know not what hour your Lord doth come." મતલબ કે તમારા આતમમાં પ્રભુ પ્રતીક્ષાનો દીવો જલતો રાખજો, તો જ પ્રભુ આવશે. તેમને ઓળખી શકશો પણ એ દીવા આડે કોઇ આવરણ હોવું ન જોઇએ.'

નર્સે કહ્યું ચાર દિવસ પછી એલીઝાને હોસ્પિટલમાંથી રજા મળી. દર્દમાંથી એને રાહત મળી હતી. ભગવો રંગ વિચારતી હું છૂટી થઇ. આ વાર્તાલાપથી મને આનંદ થયો. ફરી મારા ગળામાંથી કફ કાઢી નર્સે મને કામ્પોઝની ગોળી આપી. ક્યારે નિંદરરાણીએ મારો કબ્જો લીધો એ ખબર ન પડી.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧



શ્રી અંબાલાલભાઇ શુક્લને

# શ્રદ્ધાંજલિ

તંત્રી

શ્રી અંબાલાલભાઇ શિવશંકર શુક્લનો સ્વર્ગવાસ થોડા મહિના પહેલાં ટૂંકી માંદગીમાં અચાનક થયો. તેઓશ્રી પ. પૂ. યોગેશ્વરજીના પૂર્વાશ્રમના બનેવી થતા હતા, તેમ જ પૂ. શ્રીએ સ્થાપેલ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી પણ હતા. પૂ. શ્રીની હયાતી દરમ્યાન તેઓની સરોડામાંની સ્થાવર મિલ્કત સાચવવામાં પ. પૂ. માતાજી જ્યોતિર્મયીને શ્રી અંબાલાલભાઇએ ઘણી મદદ કરેલી.

વળી તેઓશ્રી ટ્રસ્ટની કામગીરીમાં સારો રસ દાખવતા. તેની બધી જ મીટિંગોમાં નાદુરસ્ત તબીયત છતાં નિયમિત હાજરી આપી, ઉપયોગી સૂચનો કરતા. તેઓના સ્વર્ગવાસથી ટ્રસ્ટને, તેઓના પરિવારને તેમ જ ખાસ કરી બેન શ્રી તારા-બેનને જે ન પૂરાય એવી ખોટ પડી છે, તે બદલ ટ્રસ્ટે તેની છેલ્લી બેઠકમાં એક ખાસ શોક પ્રસ્તાવ પસાર કરી, સદ્ગતના આત્માને શાન્તિ માટે પ્રાર્થના કરી, તેમ જ બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પી.

વળી શ્રી તારાબેનની શારીરિક તેમ જ માનસિક હાલત અત્યારે પણ સારી નથી. આથી પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તેમના ઘરે જાતે જઇ તેમને તેમ જ પરિવારના સભ્યોને ખૂબ આત્મીયતાપૂર્વક સાન્તવના આપી, દીલસોજી દર્શાવી હતી.

## * પ્રવાસી સામી પારનો *

હું તો પ્રવાસી સામી પારનો.
સંદેશો આવે છે નિરાકારનો,
સંતો ભાઈ! હું તો પ્રવાસી સામી પારનો.

આ તટ વાસી અનુપમ દીઠું,
સંવિદ્‌માં સંભરિયું;
છલકાયું અમી ભરતી—કાળે
જગને ચરણે ધરિયું;
કાળ—કટોરે ભરભર પીધું
સાર લહ્યો નિસ્સારનો
હો સંતો ભાઈ! હું તો પ્રવાસી સામી પારનો.

અગમ, અગોચર, સરહદ અણદીઠ
દેખવી દૃષ્ટિ—દાને,
આશાવાદે મધુમય પેખું
ભર્ગો વરેણ્યા ભાણે;
આરોહણ—અવરોહણ મુક્તિઃ
મેળ મળ્યો તારે તારનો
હો સંતો ભાઈ! હું તો પ્રવાસી પારાવારનો.

— ડૉ. રણજિત પટેલ (અનામી)



## * પ. પૂ. સર્વેશ્વરી માના ચરણે *

અમી ઝરતી છે આંખો જેની, મધ શા જેના બોલ,
મા છે સર્વેશ્વરી અનોખી, આવે ન કો એની તોલ—
જગમાં ન જેની જોડ.

નાના મોટા સમાન એને, પ્રાજ્ઞ અભણ સૌ સરખા,
વિભુના બાળ—ન ઊંચાનીચાં, એ દૃષ્ટિ સમતોલ—
જગમાં ન જેની જોડ.

જીવન વિભુની ભેટ ગણે જે, જગને વિભુ પ્રસાદ,
પ્રસન્નતાનું પરમધામ જે, અંતર વિભુ નિનાદ—
આવે ન કો એની તોલ,
જગમાં ન જેની જોડ.

પ્રેરે ભક્તિ, પ્રેરે શક્તિ, પ્રેરે પ્રભુ આસક્તિ,
સંસ્કાર—સુધાને રેડે સિંચે, જગની એ અચરજ શક્તિ—
આવે ન કો એની તોલ,
જગમાં ન જેની જોડ.

પારસ સમ છે જીવન જેનું, ધ્યાન જ ઉત્તમ ધન,
યોગ—મૌન છે ભાષા જેની, શાંત સમુન્નત મન—
આવે ન કો એની તોલ,
જગમાં ન જેની જોડ.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્‌)

# પ્રેમોત્સવ

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

ભાઈ, આતો ઉત્સવટાણું,
જીવનમંગલ માણવા માટે અવસર આવ્યો અનોખો,
જોજો રહી જાય અંતરમાંહી નાનો કે મોટો ધોખો;
પરમ માતાના દર્શન વંદને ગાવું ગૌરવગાણું.
ભાઈ, આતો ઉત્સવટાણું.

જીવનમાં ઉત્સવ અને મેળાઓ તો અનેક ઉજવાતા હશે, પરંતુ પૂ. માના પરમ મંગલ પ્રકટ સ્વરૂપના સાંનિધ્યે શ્રી જે. કે. પરિવારના જીવન આંગણે જે પ્રેમોત્સવ ઉજવાયો તે ઉત્સવટાણું અનેરું હતું! અવસર ખરેખર અણમોલ હતો. તે સત્તાવીશ, અઠ્ઠાવીસ નવેમ્બર '૯૪ ના દિવસે પૂ. માના પરમ પ્રતાપે જાણે અનેક સોનાના સૂરજ ઊગી નીકળ્યા હતા! પૂ. માના પ્રકટ સ્વરૂપના સાંનિધ્યે, એ પરમ તેજે જાણે સૌ દીપી ઉઠયા હતા! પૂ. માના પ્રકટ દર્શને જે પ્રેમોત્સવ પ્રકટી ઉઠયો તેનું ગૌરવગાણું આપણે અત્યારે ગાઈ રહ્યા છીએ.

ખરેખર આપણા સૌના જીવન આંગણે માતૃદર્શન તો પરમ મંગલ મહોત્સવ મંડાઈ ગયો છે! હવે આ સુવર્ણ અવસરને કેવા ઉત્કટભાવથી ઉજવવો તે આપણા હાથની વાત છે! જેઓ એ પ્રકટ સ્વરૂપનો મહિમા પામી ગયા છે, તેઓ તો જીવનની પળેપળે આ મંગલ સ્વરૂપનો દર્શનોત્સવ ઉજવતા થઈ ગયા છે! શ્રી જે. કે. પૂ. માના પ્રકટ સ્વરૂપના દર્શનનું પરમ રહસ્ય પામી ગયા છે.



તેથી તેમના જીવન આંગણે આ દર્શનોત્સવનું દર્શન પળેપળે પ્રકટી રહ્યું છે.

શ્રી જે. કે. દિવ્યભાવથી ભીંજાયેલા છે. પ્રેમમાં પૂરા પહોંચેલા છે. તેમના રક્તના રણકારમાં આ પરમ પ્રેમની બંસી બજી ઉઠી છે.

રક્તમહીં રણકાર કરેને,
ગાયે નવનવ રાગે.
યાદ તમારી સ્વભાવ મારો,
ગદ્‌ગદ્ બનું હરકાળે
ભૂલવા ચહું તોય પ્રેમ આ,
તમારો ન ભૂલાયે!
રૂંવે રૂંવે વ્યાપ્યો તે તો,
શ્વાસોશ્વાસે જાગે.

એટલે તો આ રક્તનો રણકાર સુણીને પૂ. મા છેક મુંબઈથી શ્રી જે. કે. પાસે પ્રેમે દોડી આવ્યાં છે. પૂ. માના પુનિત પગલે જે પ્રેમોત્સવ પ્રકટયો તેને માણવા આ શબ્દયાત્રામાં સામેલ થઈએ છીએ.

પૂ. માની પરમ પ્રકૃતિનું એક પાસું છે પ્રસિદ્ધિની ઝાકઝમાળ દુનિયાથી દૂર મૌનમંદિરની એકાંત અટારીએ વિહરવાનું! સ્વાગત સભાઓ, મિલન મેળાવડાઓ, સત્કાર સમારંભો કરતાં સત્સંગ મેળાઓમાં પ્રભુપ્રેમની મનગમતી દુનિયામાં ટહેલવાનું પૂ. માને વધારે ગમે છે. એટલે તો વર્ષમાં ત્રણથી ચાર વખત થતા જાહેર કાર્યક્રમો પૂ. માએ રદ કર્યા છે. હરિનામને ગાવાના રંગમાં ક્યારેક હરિદ્વાર ગંગાતટે વિહરવા પહોંચી જાય છે, તો ક્યારેક શ્રી જે. કે. જેવા પ્રેમી બાળકના પ્રેમનાદે દોડી જાય છે! અહીં રાજકોટ દોડી આવવાનું કારણ પણ આ પ્રેમ પોકારો જ છે.

સ્વાગતની સુંવાળી વિધિઓ પણ પૂ. માને પસંદ નથી એટલે તો અહીં એરોડ્રામ પર લેવા આવવા માટે બે વ્યક્તિઓથી વધારે આવવાની પૂ. માએ મનાઇ કરી છે. એરોડ્રામથી શ્રી શાંતિભાઇના "યોગેશ્વર" નિવાસ સ્થાને પૂ. મા ચૂપચાપ પહોંચી ગયાં! પૂ. મા તો ચૂપચાપ પહોંચી ગયા પરંતુ પોતાની વાત્સલ્યમયી માતાને જોતાં બાળકો ક્યાં સુધી ચૂપચાપ રહી શકે!

"સ્વાગતમ્ સુસ્વાગતમ્, મારી માનું કરીએ સ્વાગતમ્."

—ના બાળ કલરવથી આ 'યોગેશ્વર' આવાસ ગુંજી ઉઠયું! મોટરનું બારણું ખુલ્યું અને પ્રેમસ્વરૂપા પ્રસન્નવદના પૂ. માનાં દર્શન પામીને સૌ પુલ્કિત થઇ ઉઠયાં! પોતાના અસ્તિત્વના કણે-કણમાં પોતાના બાળકો માટેના પરમપ્રેમથી પ્રકાશતાં અને મૃદુ હાસ્યથી એ પ્રજ્ઞાપ્રેમને રેલાવતાં, વરદ હસ્તમાં ગુરુદેવ પ્રભુ અને મુરલીધર મોહનનું મનમોહક સ્વરૂપ ધારણ કરીને પુનિત પગલાં પાડતાં પૂ. માને પધારતાં જોઇને બાળકો હર્ષઘેલા થઇ ઉઠયા! પૂ. માના વાત્સલ્યભર્યા ટહૂકાં અને બાળકોના કલરવથી આ પ્રેમોત્સવ પ્રારંભ થઇ ગયો! એ માતૃવાત્સલ્ય વર્ષાએ સૌ બાળસુમનો પ્રફુલ્લિત થઇ ઉઠયાં! પ્રેમસુગંધથી આ શુભમિલન મઘમઘી રહ્યું!

પૂ. મા પોતાના બાળકો વચ્ચે બેઠાં, સૌના ખબર અંતર પૂછ્યા પછી કહે "આખરે શ્રી જે. કે. ની શ્રદ્ધા ફળી છે. મા રાજકોટ પધારશે જ એવી શ્રદ્ધાથી તેમણે હોલ બે મહિના પહેલાં બુક કરાવ્યો હતો! હોલ બુક કરાવ્યો તે અરસામાં રાજકોટ આવવાનો કોઇ કાર્યક્રમ નક્કી ન હતો. કોઇ સુનિશ્ચિત આયોજન પણ ન હતું. અમે પણ વચને બંધાયાં ન હતાં! પરંતુ આખરે શ્રી જે. કે. ની પરમ શ્રદ્ધાનો વિજય થયો અને અમે તમારી વચ્ચે આવીને બેઠાં છીએ.



અધ્યાત્મમાર્ગમાં શ્રદ્ધા એ અલૌકિક બળ છે. ન્યુજર્સીવાળા શ્રી વિનોદભાઇની પણ આવી અતૂટ શ્રદ્ધા છે. તા. ૧૪ ના રોજ અમારે લંડનથી અમેરિકા વિમાનમાં જવું હતું પણ ટિકિટ હજુ કન્ફર્મ થઇ ન હતી પરંતુ શ્રી વિનાદભાઇને એવી શ્રદ્ધા કે માએ કહ્યું છે એટલે કન્ફર્મેશન મળી જશે. તા. ૧૪ ના રોજ એરપોર્ટ પર પહોંચ્યા સામાન કાઉન્ટર પર આપ્યો પણ હવે તમને સીટ નહીં મળે એમ સતાવાળાઓએ કહી સામાન પાછો આપ્યો અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે સીટની હવે કોઇ શક્યતા નથી. તેમ છતાં વિનોદભાઇની શ્રદ્ધા ન ડગી! માએ કહ્યું છે એટલે સીટ મળશે જ એવી શ્રદ્ધા એરપોર્ટના સતાવાળાઓએ ના કહી છતાં અતૂટ રહી! સાથે હતા તે બધાએ હાર સ્વીકારી પાછા જવાનું કહ્યું પરંતુ 'પૂ. માએ કહ્યું છે એટલે સીટ મળશે જ.' એ પરમ શ્રદ્ધાને વિપરિત સંજોગોમાં ન તૂટવા દીધી! સીટ મળશે જ એવી શ્રદ્ધાથી તેઓ કાઉન્ટર પરથી ન હટયા! ભયંકર સાગરની આંધિ વચ્ચે પણ જેમ નાખૂદા અડગ રહે, તેમ શ્રી વિનાદભાઇ સાથે આવેલા સૌનો ગુસ્સો વહોરીને પણ અડગ રહ્યા! ન ડગ્યા તે ન હટયા! પરમ શ્રદ્ધાથી એમનું અંતર એટલું જ ભરેલું હતું! આખરે એમની પરમ શ્રદ્ધાનો વિજય થયો. એરઇન્ડીયાના મુખ્ય ઓફિસર અચાનક કાઉન્ટર ઉપર આવ્યા ને કહ્યું. ફક્ત ચાર જ સીટ ખાલી છે. અને તેમાં અમને સીટો મળી ગઇ!

પરમ શ્રદ્ધાનો પદાર્થ પાઠ પૂ. માએ સૌને શીખવ્યો. શ્રી જે. કે.ની આવી શ્રદ્ધાને લીધે જ અહીં રાજકોટમાં સૌને પૂ. માનાં દર્શન, સત્સંગ અને સાન્નિધ્યનો લ્હાવો મળ્યો.

પૂ. મા અત્યારે પ્રસન્નચિત્તે સત્સંગની વાતો કરી રહ્યાં છે. શ્રી નારાયણભાઇએ પણ શ્રી જે. કે.ની શ્રદ્ધાના પ્રસંગો કહ્યા. શ્રી

જે. કે.ની શ્રદ્ધાની વાત કરતાં શ્રી નારાયણભાઈએ કહ્યું, "અમારી પાસેથી પૂ. માના અલૌકિક પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ, સમર્પણભાવ અને સામર્થ્યના પ્રસંગો સાંભળી શ્રી જે. કે. એ કહ્યું કે પૂ. માનો પરિચય કરાવવો તે તમારું કામ છે અને પૂ. માને રાજકોટ અને મારે ઘેર લાવવાં તે મારું કામ છે. શ્રી જે. કે.ના આવા શ્રદ્ધાભર્યા શબ્દોમાં મને એ વખતે એટલી શ્રદ્ધા ન હતી, કારણ કે પૂ. માને પ્રસન્ન કરવાં એ કોઇ સાધારણ વાત નથી. પૂ. મા કોઈ સત્તાથી, સંપત્તિથી કે ઐશ્વર્યથી અંજાઈને ક્યાંય દોડી જતાં નથી! સાચો પ્રેમ જુએ તો ગરીબની ઝૂંપડીએ પણ વગર આમંત્રણે દોડી જાય! શ્રી જે. કે. એ આવો પ્રેમ અને શ્રદ્ધા પ્રકટ કરી બતાવ્યાં એનું પરિણામ આપણે અત્યારે જોઇ રહ્યા છીએ. જાહેર સત્સંગ-ના કાર્યક્રમો બંધ કર્યા હોવા છતાં પૂ. મા શ્રી જે. કે.ની પરમ શ્રદ્ધા અને પ્રેમને વશ થઇને અહીં પ્રેમે દોડી આવ્યાં છે.

શ્રી જે. કે.ની આવી શ્રદ્ધા આપણા સૌને માટે પ્રેરણારૂપ છે. પૂ. માનો જાહેર સત્સંગ ત્યારે બંધ થયો છે ત્યારે પૂ. માને પામવા માટે સૌએ શ્રી જે. કે. જેવાં પ્રેમ અને શ્રદ્ધા પોતાના હૈયામાં પ્રકટાવવાં જોઇએ. હવે એવો સમય આવી રહ્યો છે કે સાધનાનાં સોપાનો જાતે ચડયા સિવાય પૂ. માનાં દર્શન, સત્સંગ અને સાંનિધ્યનો લાભ મળવો દુર્લભ છે. પૂ. મા પણ એવું ઇચ્છે છે કે સૌ પોતપોતાના વ્યક્તિગત સ્વાધ્યાય, સાધનામાં સ્થિર થાય, ઊંડા ઉતરે, પુરુષાર્થની કેડી કંડારે અને પરમ માર્ગે આગળ વધી ઈશ્વરાનુભૂતિઓથી સંપન્ન બને. હવે આપણા જીવન આંગણે પૂ. માને પધરાવવા માટે આપણે પણ શ્રી જે. કે.ની જેમ અખૂટ પ્રેમ અને શ્રદ્ધા પ્રકટાવવા જોઈશે. આપણે પણ આવો અલૌકિક પ્રેમ પ્રદર્શિત કરીને પૂ. માને આપણે જીવન આંગણે પધરાવીએ અને



પૂ. માનો સાક્ષાત્કાર પામી જીવનની ધન્યતા અનુભવીએ. જેઓ પૂ. મા માટે તમે છે તેને તાર્યા વિના પૂ. મા રહેતાં નથી. આપણી સાધનાને શ્રી જે. કે. જેવી અખંડ શ્રદ્ધાથી શણગારીએ.

શ્રી જે. કે. રાજકોટના અગ્રગણ્ય ઉદ્યોગપતિ છે. તેઓ સ્વભાવે સીધાસાદા ખેડૂત પુત્ર છે. ભૂજબળે ભાગ્યોદય કરીને આગળ વધ્યા છે. જાતમહેનત કરવામાં કોઈ કસર રાખી નથી. આજે ગુજરાતમાં ટ્રક, મોટર અને રીક્ષાની ક્રેંક સાફ્ટ બનાવતી કંપનીઓમાં સૌથી મોખરે છે.

શ્રી જે. કે. સેવા અને અધ્યાત્મ સંસ્કારોનો શુભ વારસો ધરાવે છે. પટેલ જ્ઞાતિની સામાજિક સેવાઓમાં તેઓ હમેશાં મોખરે રહ્યા છે. એવી જ રીતે અધ્યાત્મ સંસ્કારોને પણ તેમના કુટુંબે અજબ રીતે જાળવ્યા છે. દર રવિવારે તેમનું સમગ્ર કુટુંબ ગાયત્રીયજ્ઞ કરે છે. પૂ. મા સર્વેશ્વરીમામાં તેમને શ્રદ્ધા પ્રકટતાં હવે એ યજ્ઞનું નામ મા સર્વેશ્વરી યજ્ઞ રાખ્યું છે. સવાર સાંજ સૌ સાથે મળીને આરતી, પૂજા તથા નામસંકીર્તન કરે છે. તેમના ઘરમાં સરસ રિવાજ એ છે કે સૌ સવારમાં નાનામોટા બધા પરસ્પર એકબીજાનો આદર કરીને પ્રણામ કરે છે, પગે લાગે છે.

પૂ. મા સર્વેશ્વરીના દિવ્ય સંસ્કારો સૌ કુટુંબીજનોએ અદ્દભુત રીતે ઝીલ્યા છે. ચોવીસેય કલાક તેમના ઘરનું વાતાવરણ પૂ. મામય રહે છે. ઘરકામ કરતાં સૌ પોતપોતાના સ્વાધ્યાયમાં રત રહે છે. કારખાનાઓમાં પણ પૂ. માના સ્વરૂપ પધરાવીને કારખાના-ઓનો વહીવટ પણ પૂ. માના નામે જ થાય છે. આ સર્વ કાંઇ પૂ. માનું જ છે અને તેમની કૃપા થકી જ સર્વ કંઇ સંચાલન થઇ રહ્યું છે, તેવી શ્રી જે. કે.ની અડગ શ્રદ્ધા છે, એટલું જ નહીં પણ

ત્રણે ભાઈઓના સંયુક્ત કુટુંબે પણ આ શ્રદ્ધાને જીવંત રાખી છે. ત્રણેય ભાઈઓનું વિશાળ કુટુંબ સાથે રહેવા છતાં ક્યાંય વિસંવાદ નથી. ભગવાન રામનો આદર્શ ભાતૃભાવ આજે પણ તે ભાઈઓ-માં પરસ્પર પ્રકટતો જોઈ શકાય છે. કુળવધૂઓ પણ સીતાજેવો વિનયપૂર્વકનો આદરભાવ પરસ્પર ધરાવે છે. રઘુવંશના આદર્શ કુટુંબ ભાવનાના સંસ્કારો આ કુટુંબે આજે પણ જાળવી રાખ્યા છે, એટલું જ નહિ પણ ઉજાળ્યા પણ છે. માતા તો સ્વર્ગે સિધાવ્યાં છે પરંતુ પિતાને દેવતુલ્ય માનીને તેમનો આદર સત્કાર સૌ કરે છે. તેમને કોઈ પ્રકારે ઓછું ન આવે તેવી તેમની હૃદયપૂર્વકની સંભાળ લેવાય છે. રામાયણનું આદર્શ કુટુંબજીવન આજે પણ જે. કે. પરિવારમાં મૂર્તિમંત થયું છે. આદર્શજીવનની પરિપાટી સૌએ જાળવી રાખી છે. પ્રભુના ગુણગાન ગાવા સિવાય ઘરમાં કોઈ જાતનું વ્યસન નથી! પરમપ્રેમ અને પુરુષાર્થની સંજીવનીથી તેમનાં જીવનખેતર હરિયાળીથી લ્હેરાઈ ઉઠયાં છે. શ્રી જે. કે. પરિવાર એટલે જાણે સત્સંગ મેળો! પૂ. માના મધુર નામ-સંકીર્તનથી ગૂંજતું ગૃહમંદિર! પૂ. મા અને તેમના બચ્ચાંઓની કલરવ કુંજ!

શ્રી જે. કે.ની એક વિશિષ્ટ વિશેષતા એ રહી છે કે તેમને અધ્યાત્મ જીવનના કોઈ પ્રશ્નો સતાવી શક્યા નથી. તેમણે પૂ. માને જોયાં અને હૃદયમાં સમાવી દીધાં! ક્યાંય શંકાની સોય તેમણે તાકી નથી. સાંગોપાંગ પોતાનામાં પૂ. માને પ્રસરાવી દીધાં છે. તેમના સાલસ હૃદયે પૂ. માને જે રીતે સ્વીકારી લીધાં છે તેવો સ્વીકાર બીજાને કરતાં જન્મારો પણ ઓછો પડે છે. શ્રી જે. કે. પૂ. માના હૃદયને ભાળી ગયા છે તેનું આ પણ એક કારણ છે. પૂ. માના પ્રિય પાત્રોની હરોળમાં તેઓ અવહ્ય દરજ્જાનું સ્થાન



શોભાવે છે. રાજકોટના આ સત્સંગ મેળાનું આયોજન પણ શ્રી જે. કે. ના હૃદયનો પડઘો જ છે. પૂ. માનાં શ્રી ચરણોમાં શ્રી જે. કે.એ વ્યક્ત કરેલી એ પ્રેમાંજલિ છે. એ પ્રેમાંજલિ સ્વીકારવા પૂ. મા મુંબઈથી દોડી આવ્યાં છે. પૂ. માના પુનિત પગલે જ પ્રેમોત્સવ રાજકોટના આંગણે પ્રકટી ઉઠયો તેની ઝલક આપણે અહીં માણવાના છીએ.

રાજકોટના સવાયા સવાણી હોલે આજે પૂ. માના સ્વાગત માટે સવાયો સાજ શણગાર સજ્યો છે. શ્રી કાંતિભાઈ અને રાજુ-ભાઈ જાનીએ આખી રાત જાગીને જાણે જીવંત વૃંદાવનધામ ખડું કરી દીધું છે! કદલીવૃક્ષના મનોહર સ્તંભોથી અને આસોપાલવના તોરણોથી સુંદર મજાનો લતામંડપ રચાઈ ગયો છે. વિવિધ મનોહારી ચિત્રોથી તેની શોભા અધિક વધી ગઈ છે! તા. ૨૭ નવેમ્બર '૯૪ પ્રભાતથી સવાણી હોલના પ્રાંગણમાં બસ ઉમંગ ઉમંગ ઉડી રહ્યો છે. સૌ ભાવિક ભક્તો આ ભક્તિ મહોત્સવ માણવા અનેરા ઉત્સાહથી મ્હાલી રહ્યા છે. આ કુંજગલીમાં પૂ. માનાં પ્રત્યક્ષ દર્શનની આતુરતા આંખમાં આંજીને સૌ વિશાળ હોલમાં ઉંચક હૈયે પ્રતીક્ષા કરી રહ્યા છે. બરાબર વચ્ચે સ્ટેજ પર પધારવાના રસ્તે બંને બાજુ શ્વેત પવિત્ર પોષાક ધારણ કરીને પૂ. માના બાળકો પૂ. માને વધાવવા અધીરા બની ગયા છે! બરાબર દશના ડંકા પડયા અને સૌના હૈયાં ઝંકૃત થઈ ઉઠયાં! પૂ. મા પોતાની તરણા જેવી કૃશ કાયાના ઓથે પોતાનો પરમ આત્મિક વૈભવ પૂર્ણપણે સજીને પધાર્યાં! દર્શનની એક ઝલક સાથે સૌના હૈયાં નાચી ઉઠયાં! મેઘગર્જના જેવા નાદથી આખો હોલ સ્વાગત સૂરોથી ગર્જી ઉઠયો!

સ્વાગતમ્ સુસ્વાગતમ્, મારી માનું કરીએ સ્વાગતમ્.

પૂ. મા સ્ટેજ ઉપર બીરાજ્યાં ત્યાં સુધી એ સ્વાગત સૂરો રેલાતા રહ્યા. બસ, પૂ. માનું આ સાક્ષાત્ દર્શન પામવા તો આપણી સૌની મથામણ હતી! હવે આ દર્શનને માણ્યા સિવાય બીજું આપણે કરવાનું પણ શું છે? એ વ્રજની કુંજના લતામંડપ વચ્ચે પૂ. મા ભક્તોએ સજાવેલા સુંદર આસન પર બીરાજ્યાં છે. દર્શન પામીને જીવનદળદર જાય એવું દૃશ્ય છે! પૂ. માના દર્શનને જીવનમાં ઉતારી દઈએ તો તો જીવન આત્મિક સમૃદ્ધિથી શોભી ઉઠે! દર્શન એ પૂ. માની જીવન સમૃદ્ધિ પચાવવાનો અવસર છે. પૂ. મા માનવ નથી પણ મહેશ્વર છે. એ તો આપણે જેમ જેમ દર્શનમાં ઊંડા ઉતરતા જઈશું તેમ તેમ એ મહેશ્વરનું સ્વરૂપ પ્રકટ થતું જશે! આપણે દૂર દૂરથી પૂ. માનું પરમ દર્શન પામવા એટલા જ માટે દોડી આવીએ છીએ કે પૂ. માએ સફેદ પોષાક પહેરેલી વ્યક્તિ નથી પણ એ વ્યક્તિત્વમાં પ્રકટેલી પરમશક્તિ છે. પૂ. માનું દર્શન આપણને યાદ અપાવે છે કે તમારા વ્યક્તિત્વમાં પણ પરમ ચેતનાનું સ્ફુલિંગ છે. પૂ. મા તો મહાનલનું પ્રત્યક્ષ સ્વરૂપ છે. આ દર્શને એ મહાનલમાંથી એક તણખો પ્રાપ્ત કરીને આપણી પરમ ચેતનાની જ્યોતને પેટાવી જઈએ! આ દર્શન આપણા સ્વપ્નને સાકાર કરવાની અમૃત ઘડી છે!

કાર્યક્રમની શરૂઆત મંગલમય વાતાવરણ વચ્ચે શ્રી સુશીલાબેન અને પૂર્ણિમાબેનના મધુર કંઠે ગવાયેલા માતૃમહિમાના ગાનથી થઈ.

"વંદન સદાયે પાવન ચરણે, વંદન સદાયે માતૃચરણે."

એ પાવન માતૃચરણે વંદના કરી આજના ઉત્સવનો પ્રારંભ થઇ ગયો. શ્રી નારાયણભાઇએ પૂ. માનો પરિચય આપતા કહ્યું



"પૂ. માએ માનવ તરીકે પોતાના જીવનનો અદ્ભુત વિકાસ સાધી બતાવ્યો છે. નાનપણથી માતાપિતાના આધ્યાત્મિક સંસ્કારો ઝીલીને જીવનને શરૂાતથી જ પ્રભુપ્રેમના રંગથી રંગી દીધું. સમાજની વચ્ચે રહીને, શિક્ષક તેમ જ આચાર્ય તરીકેની ફરજો બચાવતા બજાવતા સતત જાગૃત રહીને પ્રભુની પ્રસન્નતા ખાતર તપતા રહ્યા. પોતાના ગુરુદેવ પ્રભુની સેવા માટે તેમણે સર્વસ્વનો ત્યાગ કર્યો. સંસારની કોઇ લાલચો કે પ્રલોભનો તેમને પરમના પંથેથી પાછા વાળી શક્યા નથી. શ્રી ગુરુદેવ પ્રભુની ભૌતિક વિદાય પછી તેમનાથી સહજ જ અન્નનો ત્યાગ થઇ ગયો. આજે આ કઠિન ઉપવાસોને અગિયાર વર્ષના વહાણા વાઇ ગયા છે. શ્રી ગુરુદેવ પ્રભુની વિદાય પછીના કપરા દિવસોમાં પણ તેઓ પ્રભુપંથેથી પાછા હઠયા નથી. પૂ. મા આપણી વચ્ચે રહીને પ્રામાણિકપણે તપી રહ્યા છે. તેમનું જીવન સૌના માટે ખુલ્લુ જ છે. તેઓ પોતાના જીવનમાં પ્રવેશવા સૌને આમંત્રણ આપી રહ્યાં છે. તેમના તપવ્રતની નિષ્ઠા અજોડ છે. તેઓનું જીવન ઉઘાડી કિતાબ જેવું છે.

પૂ. મા સંસારને કે તેની ભૌતિક સુખ સગવડોને તિરસ્કારતાં નથી પરંતુ માત્ર ભૌતિક જીવન પણ પૂ. માને મંજુર નથી. જીવનમાં ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વય કરવો જોઇએ એમ પૂ. માનું માનવું છે. હમણાં હમણાં પૂ. મા ઉપરામતા અનુભવી રહ્યાં છે. જાહેર કાર્યક્રમોમાં ભાગ લેવાથી દૂર રહે છે. હમણાં એકાંતમાં લેખન પ્રવૃત્તિમાં વ્યસ્ત રહે છે. તેમ છતાં શ્રી જે. કે. જેવા પ્રેમી બાળકના પ્રેમને વશ થઇને અહીં પધાર્યાં છે.

શ્રી જે. કે.નો આ નવો આધ્યાત્મિક જન્મ છે. અમે તેમના જીવન પરિવર્તનના સાક્ષી છીએ. અમે શરૂઆતમાં જ તેમનો પૂ. મા પ્રત્યેનો સાચો ભાવ જોઇને કહેલું કે તેઓ ભલે પૂ. માના

સંપર્કમાં પાછળથી આવ્યા હોય પણ તેઓ સૌથી આગળ નીકળી જશે. અમારી આ આગાહી માત્ર છ માસના ગાળામાં જ સત્ય ઠરી છે. તેઓની પૂ. મા પ્રત્યેની શ્રદ્ધા અદ્‌ભુત છે. તે સ્વયં પ્રકટી છે. એટલે તેની પાછળ પૂર્વના સંસ્કારોનું પીઠબળ છે. આજે આપણે પૂ. માના પરમ સાન્નિધ્યનો લાભ પામી શક્યા છીએ તેનું સંપૂર્ણ શ્રેય શ્રી જે. કે.ના ફાળે જાય છે.

શ્રી જ્યોત્સ્નાબેન પણ પૂ. માના જીવનના વિવિધ પ્રેરણાદાયી પાસાઓનો ઉલ્લેખ કરી વિસ્તૃત રીતે દૃષ્ટાંત સભર સમજાવ્યા. પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ, તપ, સમર્પણભાવના દાખલા આપી પૂ. માના પ્રભુમય જીવનનો પ્રેરણાદાયી પરિચય આપ્યો.

આજના સત્સંગ મેળાના કાર્યક્રમને નિમિત્ત બનાવી પૂ. માએ ચાર સેવાભાવી ભક્તજનોનું શાલ ઓઢાડીને સન્માન કર્યું. આ ચાર મહાનુભાવોની સેવા એટલી તો અદ્‌ભુત રહી છે કે તેમને માટે તો પુસ્તક ભરીને લખી શકાય! તેઓ તો ભક્તમાલિકાના મુખ્ય મણકાઓ છે. પૂ. માને પણ જેમનું સન્માન કરવાની ઇચ્છા થઇ આવે તે જ તેમની યોગ્યતા સાબિત કરે છે. પૂ. માની દૃષ્ટિમાં વસવું એ કોઇ સાધારણ વાત નથી. આ ભક્તોએ જીવી બતાવ્યું છે. તેઓના સેવાભાવી અને પ્રેરણાદાયી જીવનનો સત્કાર કરીને પૂ. માએ સૌની સમક્ષ સેવાભાવી ભક્તિમય જીવન કેવું હોય તેનો સુંદર આદર્શ રજુ કર્યો છે.

આ ચાર ભક્તોમાં એક છે આપણા સૌના લાડીલા શ્રી નારાયણભાઇ. તેમના જીવન વિશે જેટલું લખીએ તેટલું ઓછું જ છે. તેમનું જીવન તો પૂ. મા પ્રભુના શ્રી ચરણોમાં સમર્પિત થયેલું છે. એમણે તો પોતાનું જીવન પૂ. મા પ્રભુના કાર્યો માટે ન્યોછાવર



કર્યું છે. તેમને તો ફરીથી સરકારે કદર કરીને રીટાયર્ડ થયા પછી પણ નોકરી ચાલુ રાખવાનો આગ્રહ રાખ્યો હતો પરંતુ ગુરુદેવ પ્રભુની આજ્ઞાનુસાર તેમણે નોકરી જતી કરીને અધ્યાત્મના તંત્રી-ની સેવા વિનાવેતને સ્વીકારી કે જે તેઓ આજપર્યંત બજાવી રહ્યા છે. આજે યોગેશ્વર પરિવારમાં તેમનું સ્થાન માળાના મેર સમું મુખ્ય છે. તેમના જીવનના વિવિધ પાસાઓને આ નાનકડા પાનાઓમાં સમાવી શકાય તેમ નથી. એક સાધારણ માનવનું જીવન જીવીને પણ તેમણે પોતાના જીવનનો અદ્‌ભુત વિકાસ સાધી બતાવ્યો છે.

શ્રી નારાયણભાઇની શ્રદ્ધા, પ્રેમ અને કરુણાના અનેક દૃષ્ટાંતોથી તેમનો જીવન ઇતિહાસ ભર્યો પડયો છે. તેમનું પ્રસન્ન દાંપત્યજીવન તો અનેક દંપતીઓ માટે પ્રેરણારૂપ છે. તેમની વાણીમાં શ્રદ્ધા, પ્રેમ અને પવિત્ર જીવનની સચ્ચાઇનો પડઘો પડે છે. પૂ. મા અને ગુરુદેવ પ્રભુના અધ્યાત્મ સંસ્કારોને બરાબર પચાવ્યા છે. એટલે તો તેમના વાર્તાલાપો સાંભળવા એ એક સૌને માટે જીવનનો લ્હાવો બની ગયો છે. અહીં અને પરદેશોમાં પણ તેમના વાર્તાલાપોએ અનેકના જીવનમાં સુખનો સૂર્યોદય કર્યો છે. ફક્ત તેમના બાળકોનું જ નહીં પરંતુ સમગ્ર યોગેશ્વર પરિવારના બાળકોનું અદ્‌ભુત સંસ્કાર ઘડતર તેમણે કર્યું છે!

આજે શ્રી નારાયણભાઇનું સન્માન તે પૂ. મા અને પ્રભુના સાચા સાધકનું સન્માન છે. પૂ. મા પ્રભુના આધ્યાત્મિક સંસ્કારોને તેમણે ઉજાળ્યા છે. આ સંસ્કારોની સુવાસ આપણને સૌને દીર્ઘ સમયપર્યંત મળતી રહે તે માટે નિરામય દીર્ઘાયુષ્ય તેમને પ્રાપ્ત થાય એવી શુભેચ્છાઓ આ સન્માન સાથે પૂ. મા પ્રભુના સૌ બાળકો ઊંડા ભાવપૂર્વક વ્યક્ત કરીને કૃતકૃત્યતા અનુભવે છે.

બીજું સન્માન સ્વર્ગારોહણ સંસ્થાના સારથિ શ્રી વિમળાબેન અને બાલુભાઈનું કરવામાં આવ્યું! પૂ. શ્રી યોગેશ્વરજીએ પોતાની હેયાતી દરમ્યાન યોગ્ય કાર્ય માટે યોગ્ય વ્યક્તિઓની જે પસંદગી કરી હતી તેમાંના એક તે આપણા સ્વર્ગારોહણના સારથિ બાલુભાઈ! બીજા શ્રી નારાયણભાઈ અને ત્રીજા શ્રી બાબુભાઈ વોરા. ત્રણે વ્યક્તિઓને અલગ અલગ સેવાઓ સોંપવામાં આવી, તેમાં શ્રી બાલુભાઈને સૌથી અઘરી સેવા માટે પસંદ કરવામાં આવ્યા.

સ્વર્ગારોહણ માટે શ્રી બાલુભાઈની પસંદગી તે જ તેમની યોગ્યતાની પારાશીશી છે. અત્યાર સુધીની તેમની સેવાનો ઈતિહાસ તેમની સાચા દિલની ભાવનાનો પડઘો પાડે છે. તેમણે અત્યાર સુધી અનેક સેવાના યજ્ઞો સ્વર્ગારોહણ સંસ્થાના આંગણે ઉજવ્યા છે. આદિવાસી બાળકોની સેવાનો યજ્ઞ, પક્ષીઓની ચણ માટેનો યજ્ઞ, અજાણ્યા અતિથિઓ માટે અતિથિ સત્કારનો યજ્ઞ, સૌને સાચું સાહિત્ય પીરસવાનો યજ્ઞ, અધ્યાત્મ જીવનના જિજ્ઞાસુઓ માટે માર્ગદર્શનનો યજ્ઞ, તેઓ જીવનના ડગલે ને પગલે આવા અનેક યજ્ઞો કરતા રહે છે.

સ્વર્ગારોહણ સંસ્થાના પાયામાં શ્રી બાલુભાઈ પૂરાયેલા છે. તેના ઉદ્‌ભવ અને વિકાસમાં તેમણે તેમનો પ્રાણ રેડયો છે. પોતાનું વતન છોડીને દૂર અંબાજીમાં સેવાની ધૂણી ધખાવવી અને તે પણ વિના વેતને ઘરના પૈસા ખર્ચીને તે કોઈ સાધારણ વાત નથી. અનેક મુશ્કેલીઓ વચ્ચે તેઓ ત્યાં અડગ રહ્યા છે તે જ તેમની સેવાની ભાવનાનું પ્રતિબિંબ પાડે છે. એકાંત અરણ્ય જેવા સ્થાનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો છે. પરંતુ શ્રી બાલુભાઈએ પીછેહટ કરી નથી. પૂ. મા અને પ્રભુ



પ્રત્યેની અનન્ય નિષ્ઠા આ સ્વર્ગારોહણની સેવા દ્વારા તેમણે વ્યક્ત કરી છે. આ સેવામાં શ્રી વિમળાબેનનો પણ એટલો જ ફાળો છે. તેઓની શારીરિક માંદગી વચ્ચે પણ તેઓએ શ્રી બાલુભાઈને પોતાની સેવાઓમાંથી પીછેહઠ કરવા દીધી નથી. તેઓ સતત તેમની પડખે ઊભાં રહ્યાં છે.

પ્રભુના કાર્ય માટે આ જીવન ખર્ચાય તો તેનાથી તેનો વિશેષ શું ઉપયોગ હોઈ શકે એવી શ્રી બાલુભાઈની ભાવના છે એટલે તો આજે પણ નિવૃત્તિના આરે પહોંચ્યા હોવા છતાં પોતાની સંસ્થામાં પ્રાણ પૂરી રહ્યા છે. આ સેવાભાવી દંપતી આ સન્માનને બિલ્કુલ યોગ્ય છે. પૂ. મા પ્રભુ તેમને નિરામય જીવન આપી તેમના આ સેવાના યજ્ઞને આજીવન ચલાવતા રહે તેવી શુભેચ્છાઓ!

ચોથા સન્માનના અધિકારી છે શ્રી શાંતિભાઈ કનેરિયા! શ્રી શાંતિભાઈનું તો જેટલું સન્માન કરીએ તેટલું ઓછું જ પડે તેમ છે. જેમ શ્રી બાલુભાઈ સ્વર્ગારોહણ સંસ્થાના વિકાસમાં શ્રી નારાયણભાઈ 'અધ્યાત્મ'ના વિકાસમાં, તે રીતે સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટના વિકાસમાં શ્રી બાબુભાઈ અને શાંતિભાઈનો પણ એટલો જ ફાળો છે. આ સૌ મહાનુભાવો પ્રભુના કાર્યો માટેના પાયાના પથ્થર છે.

શ્રી શાંતિભાઈએ પોતાના ગુરુદેવ પ્રભુને પોતાના જીવન પાછળ ઊભેલા જોઈ લીધા છે. તેમને ખાત્રી થઈ ગઈ છે કે પ્રભુ જન્મોથી મારી ઉપર છત્ર ધરીને ઊભા છે. એટલે હવે તેમને જીવન કે મૃત્યુની કોઈ બીક રહી નથી. જે જીવન મળ્યું છે. તેમાં પ્રભુના કાર્યોમાં બને તેટલું યોગદાન આપવું તે જ તેમના જીવનનું લક્ષ્ય રહ્યું છે. પૈસા કમાય છે તો કેટલાય, પરંતુ પ્રભુના

કાર્યો માટે ખર્ચે છે તો શ્રી શાંતિભાઇ જેવા કોઇ વિરલા જ! એમણે તો પોતાની સંપત્તિ પૂ. માને સોંપી દીધી છે. પૂ. મા સંપત્તિનો યથેચ્છ ઉપયોગ કરી શકે છે. શ્રી શાંતિભાઇ પૂ. માનો પડયો બોલ હંમેશાં ઝીલતા રહ્યા છે. પ્રભુના કાર્યો માટે તેઓ દાનો કરતા જ રહે છે. શ્રી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ, શ્રી સ્વર્ગારોહણ સંસ્થા અંબાજી, સરસ્વતી શિશુમંદિર મસુરી, અધ્યાત્મ માસિક ભાવનગરને તેમના તરફથી આર્થિક સહાયો મળતી જ રહે છે. આ ઉપરાંત પૂ. માની કૅસેટની કિંમત ઘટાડવામાં, જાણીતા સેવા-ભાવી સંસ્થાઓમાં, રામકૃષ્ણ મીશનને, આસપાસ વસતા ગરીબ લોકો માટે સહાયનો સતત પ્રવાહ તેમના તરફથી વહેતો રહે છે.

શ્રી શાંતિભાઇ દાનવીર તો પછી છે પરંતુ સૌ પ્રથમ તો પૂ. મા અને પ્રભુના અનન્ય ભક્ત છે. પ્રભુની પરમ કૃપા વચ્ચે પણ પૂ. મા પ્રભુની કૃપાથી અધ્યાત્મ જીવનની સ્થિરતા પ્રાપ્ત કરી છે. સંસારના વ્યાવહારિક કાર્યોથી નિવૃત્ત થઇને પૂ. મા પ્રભુના સતત સ્મરણમાં લાગી ગયા છે. તેમની ઉપરામતા અનુકરણીય છે. તેઓ એકલવીર તીર્થયાત્રી છે. ભારતના સર્વ તીર્થોમાં તીર્થદર્શન માટે જઇ આવ્યા છે. તીર્થદર્શન તેમનો શોખ છે. તેમને તે દર્શન-માં શાંતિનો અનુભવ થાય છે. આ ઉંમરે પણ તઓ તીર્થદર્શનો કરીને તીર્થમય બનતા રહ્યા છે.

શ્રી ઠાકુર અને પૂ. મા પ્રભુના આ અનન્ય ભક્તને પ્રણામ કરી આપણે પણ સન્માનીએ પૂ. માએ તેમને હરિદ્વારમાં પ્રભુના કાર્યો માટેના મુખ્ય સ્તંભ કહ્યા છે તે કેટલું બધું યથાર્થ છે! પૂ. માની ઇચ્છાનુસાર તેઓ પ્રભુના કાર્યો માટે મુખ્ય આધારસ્તંભ બની રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ આપણે પણ વ્યક્ત કરી શુભ-ભાવનાઓથી શ્રી શાંતિભાઇનું સન્માન કરીએ છીએ.



સત્સંગ મેળાના આ શુભપ્રસંગે આ ચારેય ભક્તોના હાર્દિક સન્માન પછી પ. પૂ. માએ પોતાની શ્રી વાણીનું પરમ સુખ ધરતાં કહ્યું.

હરિ મિત્ર બન્યો છે મારો,
ભવસાગરનો એ કિનારો.
માત બની મિત્ર બને,
સ્નેહ ધરી સંભાળે...હરિ૦

"ઇતિહાસના પાના ફેરવીએ તો તેમાં અનેક હરિના ભક્તો થયા છે. તે સૌનું કામ શ્રી હરિએ કર્યું છે એટલું જ નહીં પણ તેમના જીવનના રક્ષક બનીને ઊભા રહ્યા છે. શ્રી હરિ અમારો પણ મિત્ર બન્યો છે. અમારા અત્યાર સુધીના જીવનને જોશો તો મિત્ર બનીને શ્રી હરિએ અમારી કેવી સંભાળ લીધી છે તેનું સ્પષ્ટ દર્શન થશે. તો જેઓ ભગવાનના રસ્તે ચાલે છે તેઓનું જીવન શ્રી હરિકૃપાથી પ્રકાશી ઉઠે છે."

"આપણી સામે જ આવા કેટલાંક ભક્તો બેઠા છે કે જેઓનું જીવન શ્રી હરિકૃપાથી હરિયાળુ બન્યું છે. શ્રી નારાયણભાઇ, શ્રી બાબુભાઇ, શ્રી જોષીપુરા સાહેબ, શ્રી બાલુભાઇ, શ્રી શાંતિભાઇ, શ્રી કાંતિભાઇ, શ્રી જે. કે. આવા પ્રભુના પરમ ભક્તો છે. તેઓએ પોતાના જીવનમાં પ્રભુ માટે રસ્તો કરી આપ્યો કે પ્રભુ પધારો અમારા જીવનમાં! સંસારમાં રહ્યા છતાં સંસારને રસ્તો કરી આપીને પોતાનામાં સંસારને નથી સમાવ્યો પણ સંસારનો એક નાનકડો આધાર લઇને પ્રભુને જ જીવનમાં પધરાવી દીધા!"

પૂ. માએ અદ્‌ભુત વાત સરસ રીતે સમજાવતાં કહ્યું "જેમ ગુણવત્તા જોઇને આપણે કોઇ વસ્તુની પસંદગી કરીએ છીએ

તેના બહારના આકર્ષક દેખાવને જોઇને નહીં. તેમ સંસારના બાહ્ય સુખોના ચમકારથી અંજાઇને નહીં, પરંતુ સંસાર અને શ્રી હરિની સનાતન સુખ આપવાની શક્તિ જોઇને તેની પસંદગી કરવી જોઇએ. સુખ આપનારની ક્ષમતા જોવી જોઇએ. તેની ગુણવત્તા, તેના હાર્દ સુધી ઊંડે જઇને પસંદગી કરવી જોઇએ કે શ્રી હરિ જોઇએ કે તેના થકી હરિયાળો સંસાર જોઇએ! સંસાર-ની ઓળખાણ તો આપણા અગ્નિસંસ્કાર સાથે જ ભસ્મીભુત થઇ જાય છે. આપણને સનાતન સાથ આપનાર જો કોઇ હોય તો તે શ્રી હરિ જ છે. તે સંબંધનો વિચ્છેદ કરવાની કોઇનામાં તાકાત નથી, અગ્નિમાં પણ નહીં! માટે આ જીવન દરમ્યાન સંતો સાથે, શ્રી હરિ સાથે ઓળખાણ કરો કે જેઓ આપણને આપણી સના-તન શાંતિમાં પ્રતિષ્ઠા નહીં થાય ત્યાં સુધી સનાતન સાથ આપશે."

"આજથી પચ્ચીસ વર્ષ પહેલાં પૂ. ગુરુદેવ પ્રભુ અમારા જીવનમાં પ્રવેશ્યા. અમારા જીવનમાં પસંદગીનો પ્રશ્ન ઊભો થયો હતો, પરંતુ એ પ્રશ્ન ઊભો થાય એ પહેલાં જ અમે અમારા જીવનમાં ગુરુદેવપ્રભુને પસંદ કરી લીધા હતા. આજે તો અમારા એ સર્વાધાર બની ગયા છે. અમે પ્રભુને પસંદ કર્યા તો પ્રભુએ અમને શું આપ્યું?

શું રે મળ્યું મને શું રે મળ્યું,
સદ્‌ગુરુ પાસેથી શું રે મળ્યું!
પરમાનંદના પ્યાલા પીવડાવ્યા,
તાપ ત્રિવિધ તો ત્યાં પલટાવ્યા,
હૂંફાળી ગોદ ધરીને માતની,
છત્ર પિતાનું સફળ ધર્યું...સદ્‌ગુરુ૦



હોળી ચિતાની કીધી દિવાળી,
સ્વર્ગીય સુખની સેજ ધરી,
જીવનવન નંદનવન કીધું,
વસંતનું સૌભાગ્ય ધર્યું...સદ્‌ગુરુ૦
શ્રી ચરણોમાં સઘળું હોમાયું,
સદ્‌ગુરુરૂપ ત્યારે પરખાયું,
ભવસાગરનો નાવિક બન્યો એ,
સર્વેશ્વરીમાં સમાયો ખરે...સદ્‌ગુરુ૦

સંત કે સંસારની સગાઇ કરવામાં જાગૃત રહેજો, વિવેક જાળવજો.

શું રે મળ્યું તને શું રે મળ્યું,
સંસારમાંથી શું રે મળ્યું!
સંસારથાળની વિધવિધ વાનગી,
આરોગતાં ગુમાવ્યું ઘણું,
સંસાર બાગના ફુલડાંને સુંઘતાં,
કંટકે અંગ ત્યાં છોલાયાં...સંસારમાંથી૦
સંસાર સરિતા અશ્રુ ભરેલી,
ક્ષણભર હાસ્યને રોળનારી,
સંસાર રંગોળીથી રંગભેર રમતા,
રાગદ્વેષ, વેરઝેર ભરનારી...સંસારમાંથી૦

સંસાર અને શ્રી હરિનું સરવૈયું માંડજો પછી શ્રી હરિ પાસે પહોંચજો. ત્યાં સંસારના રાગદ્વેષ અને મોહ નથી, ત્યાં તો પ્રભુની પ્રેમની પરબ છે. અમે તો તે પ્રભુની પ્રેમ પરબડીના પ્રેમામૃત પીધાં છે, એટલે તમને આ વાત કહેવા માટે આવ્યાં છીએ."

"અમે સંસારનો વિરોધ કરવા કે સંન્યાસી બનવા માટેનો ઉપદેશ આપવા માટે નથી આવ્યાં! અમે પણ સંસારના સુખ સગવડોનો વિરોધ કરતાં નથી પણ તેમાં વિવેક જાળવવા માટે જાગૃત કરીએ છીએ. અમે જે જીવનમાં અનુભવ્યું છે તેની વાત કરવા માટે આવ્યાં છીએ.

માટે સંસારમાં રહીને કોઇ ગ્રંથને, કોઇ પંથને, કોઇ સંતને કે કોઇ મંત્રને પકડી લેજો, જેથી તમારો જીવનપંથ ઉજળો બની જાય! ક્ષણભંગુરને છોડજો અને સનાતનને વરજો. જેમ સૂર્યનું શરણું લીધું હોય તો ત્યાં અંધારું કદી નહીં આવે, ત્યાં સૂર્યાસ્ત છે જ નહીં તેમ આપણે જો પ્રભુનું શરણું સ્વીકારશું તો ત્યાં શાંતિનો સતત સૂર્યોદય છે. આપણું જીવન ધ્યેય પરમ શાંતિ છે તે કદી વિસરજો નહીં.

આપણી આસપાસ સૂર્યના પ્રતિનિધિ જેવા શ્રી બાલુભાઇ, શ્રી નારાયણભાઇ, શ્રી શાંતિભાઇ, શ્રી જે. કે. જેવા અનેક ઝળહળતાં રત્નો છે તેને ઓળખી લેજો આપણે એકે એક પગલે જીવનને દીપાવવાનું છે. આ સર્વેશ્વરીને જોઇને જાગી જાઓ, અમારા જીવનમાં તો પ્રભુ પડયા પાથર્યા રહે છે.

સદ્‌ગુરુનાથ સર્વેશ્વરી સાથ, રહે દિનરાત સાચી એ વાત.

પ્રભુ સાથે દોસ્તી પાકી બનાવજો, આ જીવનમંચ ખાલી કરીએ તે પહેલાં એ જીવનમંચ પર પ્રભુપ્રેમનું નાટક ભજવી લઇએ. આ હોલ ખાલી કરીને જાઓ ત્યારે આ વાતને ગાંઠે બાંધતા જજો."

બીજે દિવસે તા. ૨૮ નવેમ્બર '૯૪ ના રોજ શ્રી જે. કે.ના નિવાસસ્થાને શ્રી પંડિતજીના આચાર્યપદે નવચંડી યજ્ઞ તથા નવા



મંદિરમાં પૂ. મા અને પ્રભુનાં સ્વરૂપોનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ભારે ધામધૂમપૂર્વક યોજાયો. આ પ્રસંગ નિમિત્તે યોજાયેલી શોભા-યાત્રામાં તો ભક્તોના હૈયાં હાથ ન રહ્યાં! બસ, જાણે પ્રેમભક્તિ-નાં પૂર વહી રહ્યાં! ચારે બાજુ ઉમંગનો ગુલામ ઉડતો હતો! આનંદનો અબીલ છંટાતો હતો, પ્રેમોત્સાહનો કંકુ વેરાતો હતો અને ભક્તોના શરીરને તો જાણે પાંખો આવી હતી! ઉછળી ઉછળી-ને પ્રેમપુરમાં ધુબાકા મારતા હતા! એવું લાગતું હતું કે પૂ. મા પ્રભુના સ્વરૂપોની પ્રતિષ્ઠા મંદિરમાં જ નથી થઇ પણ ભક્તોના હૃદયમંદિરમાં પણ થઇ હતી! ચૈતન્ય મહાપ્રભુજીની સંકીર્તન યાત્રા-નો સાક્ષાત્કાર અહીં સહજ હતો. અહીં એક અનેરી પ્રેમની દુનિયા રચાઇ ગઇ હતી! આ પ્રેમમાં પાગલ પૂજારીઓની પૂજા હતી!

શુક સનકાદિ થયો છે પાગલ,
કોઇ પાર નહીં પામે,
આવીજા ઓ પ્રેમી!
ન્હાઇ લે આની ધારે ધારે.
જે ચૂકશે તે ખોશે અવસર,
ન્હાશે તે કૃતકૃત્ય થશે!

પ્રભુના પ્રેમીઓનો અહીં મેળો જામ્યો હતો! તેમાંય વળી પૂ. માનું સાંનિધ્ય પછી તો છોકરાઓનાં હૈયાં ક્યાંથી હાથ રહે! વાત્સલ્યમયી અને પોતેય પ્રેમમાં પાગલ એવી પરમ માતા સાક્ષાત્ હોય પછી એનો ખોળો ખૂંદવાનું છોકરાઓ શા માટે બાકી રાખે. એ પાગલ અવસ્થામાં નાચી ન ઉઠીએ તોજ નવાઇ લાગે!

લેતાં નામ તમારું પ્યારું હૃદયમહીંથી ઉછળી ચાલું,
પ્રેમરસમહીં મસ્ત થઇને, પાગલ જેવો મુગ્ધ હું નાચું,
આજ લ્હાવ લેવા દો મુજને, નાચ નચાવોજી!

છોકરાઓની પ્રેમમસ્તી જોઇને પૂ. મા બોલી ઉઠયાં, 'અમે પણ આ ગાદીપર ન હોત તો નાચી ઉઠયાં હોત! ખરેખર એ શોભાયાત્રાની શોભા અનેરી હતી અને સંકીર્તનની મસ્તી મસ્ત હતી!

આ નવચંડી યજ્ઞ અને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને જીવંત બનાવવા માટે શ્રી પંડિતજીએ ખરેખર પોતાનો પ્રાણ આ સત્કાર્યમાં પૂર્યો હતો! આ ગૃહમંદિરમાં બે દિવસ જે મંત્રધ્વનિ થયો, જે પવિત્ર વાતાવરણ સર્જાયું જે શાસ્ત્રોક્ત વિધિવિધાનો થયાં, જે નામ સંકીર્તન થયું, પાવન શંખનાદ સાથે જે યજ્ઞકાર્ય સંપન્ન થયું, તેમાં શ્રી પંડિતજીના પ્રાણની પ્રતિષ્ઠા હતી. જે પોતાનો પ્રાણ રેડે છે તેજ સાચી પ્રાણપ્રતિષ્ઠા કરી શકે છે. શ્રી પંડિતજી તો પૂ. મા પ્રભુના પ્રકટ સ્વરૂપના પ્રેમપૂજારી છે. એક તો હૃદયમાં પ્રેમ અને જેમને માટે પ્રેમ છે તે પ્રભુ પ્રત્યક્ષ પછી તે પ્રત્યક્ષ પૂજામાં પ્રાણ પ્રકટયા વિના રહે ખરાં? શ્રી પંડિતજીના આ પૂજાદર્શનથી ધન્ય ધન્ય થઇ જવાયું. અવસર ભલે શ્રી જે. કે.ને આંગણે હતો પણ પૂજા તો એ પ્રેમપૂજારી શ્રી પંડિતજીની જ હતી!

આ મંગલ મહોત્સવ જીવનમાં સદાય ઉજવાતો રહે તે માટે સૌને જાગૃત કરતાં પૂ. મા કહે અહીં મંદિરમાં સ્વરૂપોની પ્રાણપ્રતિષ્ઠા થઇ છે તો એ તીર્થને સદાય જાગૃત રાખજો. દરરોજ મહોત્સવ ઉજવ્યા જ કરજો, અને દર ૨૮, નવેમ્બરે તો સૌને આમંત્રણ આપી સાથે મળીને નામસંકીર્તન કરજો. આ મંદિર કોઇ સાધારણ તીર્થ નથી, તેમાં દેવોના દેવ બીરાજ્યા છે. આ મંદિરના જેઓ પગથિયાં ચડશે, તેમનાં દુઃખદર્દ દૂર થશે. શ્રી જે. કે.ને છત્ર ધરશે. જાગૃત થઇને જીવ જો આ સ્વરૂપોને યથાર્થ રીતે ભજશે, તો અહીં જ પરચા મળશે.



પૂ. મા કહે "તા. ૨૮, નવેમ્બર '૯૪ એ જે. કે. પરિવારનો નવ–જન્મનો દિન છે. તે દિવસ દર વર્ષે ઉજવતા રહેજો. આપણે અહીં ભંડારો ખાવા નહીં પણ જાગૃત થવા આવ્યા છીએ. આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે આપણા મનમંદિરમાં પણ કાયમને માટે પ્રભુની પ્રતિષ્ઠા કરી લઇએ."

પ્રેમદેવની કરી પ્રતિષ્ઠા, મનમંદિરમાં તારા,
આરતિ અખંડ કરતો તૂટે તારાં બંધન તાળાં.

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001



ઓ. : ૨૩૫૯૮
૩૪૦૧૬
ફે. : ૮૨૪૩૭
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

### શ્રી અનિરૂદ્ધભાઇની

# અનોખી દાસ્તાન

નારાયણ હ. જાની

શ્રી અનિરૂદ્ધભાઇ કાકાનો સ્વર્ગવાસ પણ ૧૩ ડીસેમ્બર '૯૪ ના રોજ થયો. તેઓ છેલ્લા બેએક વર્ષથી કેન્સરની બિમારીથી પીડાતા હતા. તેમના અવસાનથી તેમના બેન તેમ જ પરિવારને તો ભારે ખોટ પડી. પ્રભુ તેઓના આત્માને શાન્તિ આપે તેવી પ્રાર્થના છે.

શ્રી અનિરૂદ્ધભાઇની આખી વાત જ સાવ અનોખી. તેઓના સમગ્ર પરિવારને પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં અને પ. પૂ. યોગેશ્વરજીમાં અનન્ય શ્રદ્ધા. એમની આવી શ્રદ્ધાની કસોટી ત્યારે થઇ જ્યારે થોડાં વર્ષો પહેલાં તેમનો પુત્ર અચાનક લાપત્તા થઇ ગયો! તે વખતે સમગ્ર પરિવારે પ. પૂ. યોગેશ્વરજીને ખૂબ હૃદયપૂર્વક પ્રાર્થના કરી અને તેઓની એકસો આઠ બાવનીઓ કરી. પરિણામે તેઓનો ખોવાયેલ પુત્ર સાજો સમો ઘરે સુખરૂપ પાછો આવી ગયો, કેવી આશ્ચર્યની વાત! ખેર, પ્રભુએ જ એ છોકરાને બચાવ્યો. તેને ઉપાડી મુંબઇ લઇ જવામા આવેલ. ત્યાથી તેનો અદ્‌ભુત રીતે બચાવ થયો. માન્યામાં ના આવે તેવી વાત લાગે. પણ તે સત્ય ઘટના છે.

આવા અનિરૂદ્ધભાઇને સીગરેટનું વ્યસન. તેઓએ પૂ. મા આગળ પ્રતિજ્ઞા લઇ તે છોડયું તો ખરું, પરંતુ મનોબળ મજબૂત નહિ, એટલે તે પ્રતિજ્ઞા પાળી શક્યા નહિ. પૂ. માને આની જાણ



થતાં તેઓને તેનું દુઃખ થયું અને શ્રી અનિરૂદ્ધભાઇ જ્યારે મળ્યા ત્યારે સહજ રીતે તેઓથી કહેવાઇ ગયું કે 'ભાઇ, આ વ્યસન ચાલુ રહ્યું તો કેન્સર જેવી બિમારી પણ થઇ જાય!" અને મહિના પછી એમના ગળામાં તકલીફ જણાતાં તપાસ કરાવી. તો માલુમ પડયું કે કેન્સર છે!

પછી તો સારવારનો દોર ચાલ્યો. ૧૯૯૩ ના ઓક્ટોબરમાં, ઓપરેશનથી તેમની સ્વરપેટી કાઢી નાંખવામાં આવી. છતાં તેઓએ કદી ફરિયાદ ના કરી અને પૂ. માના જન્મદિન ૧૩ નવેમ્બર '૯૩ ના જાહેર કાર્યક્રમમાં પણ હાજરી આપી. ફેબ્રુ. ૧૯૯૪ ના ભાવનગરના હોમાત્મક નવચંડીના કાર્યક્રમમાંય નાદુરસ્ત તબીયતે હાજરી આપી. આવું એમનું મનોબળ!

છેલ્લા ત્રણચાર મહિનાથી તેઓને ખ્યાલ આવી ગયેલો કે હવે તેમનો જીવનદીપ લાંબો સમય ટકે તેમ નથી. તેથી દોઢેક માસ પહેલાં તેમણે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીને એક લાંબો પત્ર લખ્યો. તેમાં તેઓએ પોતાના ભરયુવાનીના દિવસોમાં જે જે ભૂલો કરેલી તેની ખૂબ નિખાલસભાવે કબુલાત હતી. તે વાંચતાં જ લાગે કે જાણે કોઇ સાચો ખ્રિસ્તી ચર્ચના પાદરી પાસે પોતાનું અંતિમ ક્ષણોનું કન્ફેશન ના કરી રહ્યો હોય! પશ્ચાત્તાપ જરૂર વંચાય, પરંતુ તેમાં કોઇ ફરિયાદ નહિ. વળી પૂ. મા–પ્રભુમાં એવી જ અદ્‌ભુત શ્રદ્ધા. આટલા ભયંકર દુઃખો વચ્ચે પણ વંદન થઇ જાય એવી વાત તો પત્રના અંતમાં જણાતી તે એ કે બધા જ પાપોના સંસ્કારોથી સંપૂર્ણ મુક્ત થઇને, પોતે બીજા જન્મમાં શરૂથી જ પૂ. મા–પ્રભુના કાર્યોમાં ઉપયોગી બની શકે. એવો જન્મ તેમને મળે તેવા આશીર્વાદની યાચના. કેવી ઉત્તમ ભાવના!

પોતે કરેલ ભૂલોનાં પરિણામો હિમ્મતપૂર્વક ભોગવી લેવાની તત્પરતા—પણ કેટલી મોટી વાત કહેવાય! શ્રી અનિરૂદ્ધભાઈમાં તે જોઈ શકાઈ. વળી મા સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાઓના ઉલ્લંઘનના પરિણામે જે ભયંકર બિમારી તેઓને ભોગવવી પડી, તે શું ન નિવારી શકાત! થોડું મનોબળ મજબૂત રાખ્યું હોત તો સંભવ છે આ વ્યાધિએ જે ઉગ્રરૂપ ધારણ કર્યું તે કદાચ ના થયું હોત. એટલે શ્રી અનિરૂદ્ધભાઈનું જીવન બીજાંઓ માટે અમુક અંશે ચેતવણી-રૂપ છે.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
“સ્વર્ગારોહણ”
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
“સ્વર્ગારોહણ”, દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦

**નોંધ**

“રામકથા” સ્થળ સંકોચને પરિણામે આ અંકમાં મૂકી શકાઈ નથી, તો વાંચકો ક્ષમા કરે.



# પ્રેરક પ્રસંગો

કનૈયાલાલ ઝિંઝુવાડીયા

કબીર સાહેબને ઘેર જે કોઈ સાધુ—સંતો કે ભક્તો આવે તે સૌને કબીર સાહેબ ભોજન કરી જવાનો આગ્રહ કરતા. તેઓ બહાર બેઠા બેઠા કહીદે પરંતુ ઘણી વખત ઘરમાં કાંઈ ભોજન કરવાની ચીજવસ્તુ હોય નહિ તેથી એમની પત્ની તથા કમાલને આથી ઘણી જ મુશ્કેલી થતી.

એક દિવસ રાત્રિએ ચાર પાંચ સાધુ આવ્યા. કબીરજી કહે ‘ભોજન કરીને જજો.’ કમાલે કબીરને કહ્યું કે ‘આપ જે આવે તેને ભોજન કરી જવાનું કહી દો છો પણ, ઘરમાં જરા તપાસ તો કરતા રહો! ભોજન કહેવાનું બંધ કરો.’ કબીર કહે ‘એ કેમ બને?

એ તો ગૃહસ્થાશ્રમનો ધર્મ છે. એની મેળે એ લોકો આવતા બંધ થાય તો વાત જુદી છે. બાકી હું કોઈને ના ન પાડું.’ ‘કમાલ કહે પણ મુશ્કેલી તો અમારે છે.’

કબીર કહે ‘એની મેળે આવતાં બંધ થાય તો વાત જુદી છે. બાકી હું મનાઈ કેમ કરું?’ કમાલને થયું મારી વાત નહિ સમજાય. કમાલ કહે ‘તમે બધાને જમવાનું કહો છો પણ ઘરમાં કાંઈ નથી.’ કબીર કહે ‘કાંઈ વાંધો નહિ. હવે સાધુને જમવાનું કીધું છે, તો ચોરી કરીએ.’ કમાલને નવાઈ લાગી. આટલા મોટા સંત અને ચોરી કરવાનું કહે છે. મારી મશ્કરી કરતા હશે? કમાલે કહ્યું, ‘તો ચાલો.’ અને કબીર અને કમાલ ચોરી કરવા નીકળ્યા.

કમાલને કહે 'આપણે કોઇ મોટા માણસનું ઘર તોડવાનું જેથી થોડું ઓછું થાય તે તેને કાંઇ તકલીફ પડે નહિ. કોઇ ગરીબ માણસનું ઘર તોડવાનું નહિ.'

કબીર તો એક ઘર પાસે જઇ કમાડ તોડવા લાગ્યા. કમાલને થયું કે મેં તો મજાકમાં કહ્યું હતું પણ આ તો સાચે જ ચોરી કરવા લાગ્યા. હદ થઇ ગઇ. દરવાજો ખોલી બંને જણા અંદર ગયા.

અંદર જઇ કબીરે કમાલને કહ્યું, 'હું બધાને જમવાનું કીધા કરું છું તેમાં મુશ્કેલી તો માત્ર અનાજની જ છે ને?' કમાલ કહે 'હા.' તો અનાજ સિવાય બીજું કાંઇ ચોરવાનું નહિ.' એમ કહી ઘઉં અને બાજરીની બે ગુણો ઉપાડી. પછી કબીરે કમાલને કહ્યું 'તું અહીં ઊભો રહે, હું ઘરધણીને જગાડીને કહેતો આવું કે અમે ચોરી કરીને જઇએ છીએ.' કમાલ કહે 'આ કાંઇ ચોરીની રીત છે? માર ખવરાવવો હતો તો મને સાથે લાવ્યા શું કામ? ચોર કોઇ દિવસ ઘરધણીને જગાડે?' કબીર કહે 'આપણે ચોરી જ કરી છે તો, પછી કહેવામાં શું વાંધો? આપણે કાંઇ દાતારી કરવા તો આવ્યા નથી. એક તો ઘરધણીનો માલ જાય અને ઉપરથી સવારમાં દોડાદોડી થાય. એના કરતાં આપણે એને કહેતા જઇએ કે આટલું અમે લઇ જઇએ છીએ. એથી એને એટલી તો ઉપાધિ ઓછી.'

કમાલે કહ્યું, 'પિતાજી તમે જરા વિચાર તો કરો. ઘરધણી જાગશે તો આખા ગામમાં ફજેતી થશે. અને કહેશે કે કબીર ચોર છે. આપણું નામ બદનામ થશે પછી આપણે ઘેર કોઇ આવશે પણ નહિ.'



કબીર કહે 'હું એટલા માટે જ કહું છું કે ઘરધણીને જગાડીએ. ચોરી જાહેર થાય. આપણી બદનામી થાય તેથી આપણા ઘરે કોઇ આવે નહિ તેથી ભોજન કરાવવાનો પ્રશ્ન જ રહે નહિ. તેથી તમારી મુશ્કેલી પણ ટળે. બાકી આંગણે આવેલાને જમાડયા સિવાય પાછા કેમ કઢાય? આ તો ગૃહસ્થાશ્રમનો ધર્મ છે. 'કમાલ સમજી ગયો. કબીર સાહેબે કમાલને શીખામણ આપતાં કહ્યું. જે દોહરો ખૂબ જ પ્રચલિત છે. જેમાં પ્રભુભજન ઉપરાંત ભૂખ્યાને ભોજન આપવાનું મહત્ત્વ સમજાવે છે.

કબીર કહે કમાલ કો દો બાતેં શીખ લે,<br>
કર સાહેબકી બંદગી ઔર ભૂખે કો અન્ન દે.

**ઈશ્વર પ્રાપ્તિ થાય, થાય ને થાય જ**

આપણે તો માત્ર સંતોમાં અને મૂર્તિઓમાં જ ઈશ્વરને જોવાની કોશિષ કરીએ છીએ, પરંતુ સંતોને તો સર્વમાં ઈશ્વર જ દેખાય છે.

સંત શ્રી નામદેવના જીવનમાં ઘટેલી આ ઘટના છે. એક દિવસ તેમણે ભોજન માટે રોટલી બનાવી અને ઘી લેવા અંદર ગયા. તે દરમ્યાન એક કૂતરું રોટલી ઉપાડી ભાગ્યું. સંત ઘીની વાટકી લઇને બહાર આવ્યા ત્યારે રોટલી ઉપાડી કૂતરાને ભાગતો જોયો. આ જોઇ સંત પણ ઘીની વાટકી હાથમાં ને કૂતરાની પાછળ પાછળ દોડયા અને કહેવા લાગ્યા. 'પ્રભુ! કોરી રોટલી ન ખાઓ, ઉભા રહો.' પાછળથી અવાજ આવતો સાંભળી કૂતરો બધું ઝડપથી દોડવા લાગ્યો.

સંતને અતૂટ વિશ્વાસ હતો. કૂતરામાં પણ ઈશ્વર છે. છેવટે કૂતરો ઊભો રહ્યો અને મોં ખોલ્યું તો સંત શ્રી નામદેવને કૂતરાના મોમાં પરમ કૃપાળુ પરમાત્માનાં દર્શન થયાં.

કહેવત છે ને કે જેવી જેની દૃષ્ટિ તેવી તેને સૃષ્ટિ દેખાય. આપણે સૌ પણ શુદ્ધ હૃદયથી ઈશ્વરમાં શ્રદ્ધા રાખી અતૂટ વિશ્વાસથી ઈશ્વરને મેળવવાના પ્રયત્નમાં લાગ્યા રહીએ તો ઈશ્વર પ્રાપ્તિ થાય, થાય ને થાય જ.

**પત્થર સ્વરૂપે જ ઊભો રહું છું.**

સાધુરામ રોજે રોજના નિયમ પ્રમાણે પૂજાની સામગ્રી લઈને મંદિરે પહોંચી ગયો અને હૃદયમાં અતિ આનંદ સાથે ભગવાનનું પૂજન કર્યું. હું સુખી છું કે દુઃખી એ વિષે ભગવાને કદી પૂછ્યું ન હતું. આજે તેમણે અચાનક જ પૂછ્યું. 'વત્સ! સુખી છો ને?'

એમના મુખમાંથી પહેલીવારનો આ પ્રશ્ન સાંભળીને સાધુરામના આનંદનો પાર ન રહ્યો. તે સમજી ગયા, કે પ્રભુકૃપા આપણા ઉપર આજ વરસવામાં છે. એટલે જ તેમણે આ પ્રશ્ન પૂછ્યો તેણે નિશ્ચય કરી નાંખ્યો કે આજે મનમાં જે છે તે કહી દેવું. તરત જ તેણે ભગવાનના ચરણ પકડી લીધાં અને નીચું મસ્તક રાખીને કહ્યું.

આજે આપે મારા ઉપર મહાન કૃપા કરી છે. જ્યારે જ્યારે આપની પાસે આવું છું ત્યારે જે કહેવાનું હોય છે તે ભૂલી જાઉં છું પણ આજે તો હૃદય ખોલીને વાત કરવા માંગું છું. અને જેવું અનેક દુઃખોનું વર્ણન કર્યું કે તેના બંને ચક્ષુઓમાંથી આંસુની ધારા પ્રભુના ચરણોમાં વહેવા લાગી. અંતઃકરણ તેને કહી રહ્યું હતું કે મારું દુઃખ સાંભળીને એમના હૃદયમાં દયાભાવ જાગશે. પછી આશીર્વાદ મળતાં જરૂર દુઃખમુક્ત બની જઈશ. વાત પૂરી કર્યા પછી થોડી ક્ષણો સુધી એમના જવાબની રાહ જોતો માથુ નીચે ઢાળી બેસી રહ્યો. પણ કાંઈ જવાબ ન મળ્યો. એટલે પ્રભુ



સમક્ષ નજર કરી અને એમનું સ્વરૂપ જોઈને મુખમાંથી ભયંકર ચીસ નીકળી ગઈ!

આ શું? આવો ફેરફાર શા માટે? તમે પથ્થર કેમ બની ગયા? બોલો મારા નાથ. જવાબ આપો મારા પ્રભુ.

તેણે મૂર્તિના પગમાં માથુ પછાડવા માંડયું. આખરે મંદિરના ઘુમ્મટમાંથી ભગવાનની વાણી સંભળાઈ.

તું જાણે છે કે મારે શરણે આવ્યા પછી માણસ માત્ર સર્વ પ્રકારનાં દુઃખમાંથી મુક્ત બને છે. આમ છતાં પણ મેં તને જ્યારે પૂછ્યું કે "તું સુખી છો ને?" તો તેં તારા દુઃખનું વર્ણન કર્યું. રોજ મને મળવા છતાં પણ તારામાં આટલી બધી જડબુદ્ધિ છે.

એ જાણીને મને એટલું બધું દુઃખ થયું કે હું પથ્થર બની ગયો. મારાં ચરણો પકડયાં પછી પણ જે લોકો પોતાની જાતને દુઃખી માને છે અને દુઃખ દૂર કરવાની મને પ્રાર્થના કરે છે એવા લોકો સમક્ષ હું સદા પથ્થર સ્વરૂપે જ ઊભો રહું છું.

**ઈશ્વરની અનુભૂતિ કેવી રીતે પ્રાપ્ત થાય?**

સ્વામી વિવેકાનંદ જંગલમાં શિષ્યો સાથે સત્સંગ કરી રહ્યા હતા. શિષ્યો પ્રત્યે સ્વામીજીની જ્ઞાન લ્હાણી પીરસાવવાની લાગણી અપાર હતી. સાથે સાથે શિષ્યોની સ્વામી વિવેકાનંદ પાસેથી જ્ઞાન મેળવવાની ઉત્કંઠા રહેતી. કોઈ પણ શિષ્ય સ્વામી વિવેકાનંદના વચન, વાણીનું ઉલ્લંઘન કરે નહિ. દરેક શિષ્ય પડતા બોલ ઝીલે.

સુશીલ, નમ્ર એવા શિષ્યોને એ ડર હતો કે ઈશ્વરની અનુભૂતિ વિષે સ્વામી વિવેકાનંદજીને પૂછાય કે કેમ? કદાચ સ્વામીજીને અજુગતું લાગશે?

બીજા દિવસે સ્વામી વિવેકાનંદ શિષ્યો સાથે સત્સંગ કરી

રહ્યા હતા. તે દિવસના સત્સંગમાં જ શિષ્યોનો ઈશ્વરની અનુભૂતિનો પ્રશ્ન હલ થયો. સ્વામીજીએ સત્સંગમાં કહ્યું કે, "ઈશ્વરની અનુભૂતિ મેળવવી હોય તો નામસ્મરણ કરવું." સ્વામીજીના આખ્યાનથી તુરત જ શિષ્યોની મૂંઝવણનો અજ્ઞાનરૂપી પડદો હટી ગયો. સર્વ શિષ્યોના ચહેરા પર આનંદની અનુભૂતિ સ્વામીજીને દેખાઇ, સ્વામીજીને જ્ઞાનરૂપી પ્રકાશ પૂંજ દેખાયો. આ આખ્યાનના પ્રભાવથી સર્વે શિષ્યો ઈશ્વરના નામસ્મરણમાં મગ્ન બની ગયા. અમુક શિષ્યોને જુદા જુદા અનુભવો થવા લાગ્યા. શિષ્યોમાં જ્ઞાનરૂપી જ્યોત પ્રગટી અને નામસ્મરણથી જ સર્વે શિષ્યો ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શક્યા.

ભારત ભૂમિ પર જે જે સંતો, મહંતો થઇ ગયા, તે લોકોમાંથી નામસ્મરણનું જ પ્રમાણ નીકળે છે. જેમકે નરસિંહ મહેતા, મીરાંબાઇ, શબરી, તુકારામ વગેરે અનેક સંતોએ કેવળ નામસ્મરણનો જ આશરો લીધો છે.

## કચ્છના એ જમાદારે ભગવાનને ઓળખી લીધા

કચ્છને દરિયાકાંઠો મળ્યો, એ કુદરતની બક્ષીસ છે. તેનાથી ત્યાંના વેપારીઓ સાહસિક બન્યા. સાથે સાથે ધર્મ પણ મળ્યો. તેથી શ્રદ્ધાળુ બન્યા. ભગવાનને આગળ રાખીને તમામ કાર્ય કરવા એ એમના જીવનમાં વણાઇ ગયું. એ મૂડી વારસામાં ઉતરતી રહી છે.

એક જમાનો હતો કે કચ્છના જમાદાર ફતેહ મહંમદની હાક વાગતી. એમની ફોજ સામે કોઇ આંખ માંડી શકતું નહીં. અમુક અસામાજિક તત્ત્વો કચ્છમાં ક્યારેક લૂંટ ચલાવતા. પરંતુ ફતેહ મહંમદથી તો હંમેશાં ડરીને જ ચાલતા.



એમને બે દીકરા. હુસેનમિયાં અને ઇબ્રાહીમ મિયાં. પણ એને દીકરામાં વધુ આસક્તિ નહિ. તે સમયે જગજીવન મહેતા કચ્છના દીવાન હતા.

એ વખતમાં સ્વામી સહજાનંદજી કચ્છમાં અવારનવાર વિચરણ કરે. એમના મુખ્ય બે ભક્તો ત્યાં રહે: સુંદરજી સુથાર અને ભુજના ગંગારામ મલ્લ. ત્રીજાં જગજીવન મહેતાનાં પત્ની સત્સંગી બન્યાં હતાં, પણ ગમે તેમ હોય જગજીવન મહેતાને સત્સંગ સાથે વેર બંધાયા કરે. સ્વામી સહજાનંદનો પ્રતાપ વધે તે તેને ન ગમે.

શ્રીજીની એવી ઇચ્છા કે ત્યાં મોટું મંદિર થાય અને બધા સુખેથી ભગવાન ભજે. હિન્દુઓ પણ લાભ લે અને મુસ્લીમો પણ તેમાં આસ્થા વધારે. સંપ અને એકતાનાં મૂળ ઊંડા જાય એ એમનું ધ્યેય હતું.

જગજીવન મહેતાએ એમાં વિઘ્ન નાંખવા માંડયા. તેણે ફતેહ મહંમદના કાન ભંભેર્યા કે સ્વામી નારાયણ નવા ભગવાન થયા છે અને પોતાને ભગવાન મનાવે છે. એનો પગ આપણે કચ્છ-માંથી કાઢી નાંખીએ તો આપણે ખરા. આ વાતની ખાત્રી તમારે કરવી હોય તો કરી આવો. બિલકુલ દંભ દેખાશે. ભગવાનનો એક પણ ગુણ નહીં દેખાય.

ફતેહમહંમદે જગજીવનની આ વાત માની લીધી. તેના મનમાં શંકા–કુશંકાનાં કુંડાળાં વળવા લાગ્યાં.

એક દિવસ સહજાનંદ સ્વામી ભુજમાં પશ્ચિમ દરવાજેથી પોતાના અનુયાયીઓ સાથે નહાવા જતા હતા. એ જ સમયે જમાદાર ફતેહ મહંમદ સામે મળ્યા. તેઓ તેના સૈનિકો સાથે

અંદર આવતા હતા. ફતેહ મહંમદે કોઈ દિવસ સહજાનંદજીને જોયા નહોતા એટલે ઓળખી શક્યા નહિ, પરંતુ તેની સાથે એક તુર્ક સિપાઈ હતો. તેણે તેમને કહ્યું. 'હિન્દુ જે કે ખુદા ચેંતાસે માડુ હી અચે તો.' હિન્દુ જેને ખુદા કહે છે તે પુરુષ આ જ છે. જમાદારે ધ્યાનથી જોયું. સહજાનંદ સ્વામીએ સાદાં સફેદ વસ્ત્ર પહેર્યાં હતાં. પગમાં ચાખડી હતી. લલાટ મોટું ને તેજસ્વી હતું. આંખ નિર્મળ હતી.

ગમે તેમ તોય જમાદાર ફતેહ મહંમદ મુમુક્ષુ જીવ હતા. એના અંતઃકરણમાં દિવ્ય પ્રકાશ થયો. સદ્‌ગુણની વીજળી એને સ્પર્શી ગઈ. એ સામે ઊભેલી સહજાનંદજીની ભવ્ય તેમ જ દિવ્ય મૂર્તિને નીહાળી રહ્યા. એકદમ ઘોડા પરથી નીચે ઊતરીને સ્વામી સહજાનંદને સલામ કરી.

સ્વામીજીએ એમના તરફ દૃષ્ટિ કરી. બંનેની આંખો મળી ત્યાં જમાદારનું દિલ પીગળી ગયું. જગજીવન મહેતાએ એમને જે ઝેર રેડયું હતું તે નાશ પામ્યું. એમણે વિનયથી સહજાનંદજીને પૂછ્યું. 'આવ ખુદા યા ખુદા કા બંદા?'

સ્વામી સહજાનંદે તેની નજરમાં નજર પરોવીને કહ્યું, 'જેસા જિસકા યકીન.' બસ આ શબ્દોથી તેને સંતોષ મળી ગયો. એનું દિલ ખુલી ગયું. સહજાનંદજી ત્યાંથી પસાર થઈ ગયા.

મહેલમાં જઈને ફતેહ મહંમદે જગજીવનને બોલાવ્યો અને કહ્યું, 'તું નાદાન ન બનીશ. મેં એ ઓલિયાને જોયા છે હું એમના પર આફરીન છું. હું એમને ગુરુ કરવા તૈયાર છું. એ તે મોટા ઓલિયા છે. તું એનો મુરશીદ થઈ જો. સાચું સમજી વેર છોડી તારું અને તારી ઓલાદનું ભલુ કરી લે.

કચ્છના એ જમાદારે ભગવાનને ઓળખી લીધા. □

## * માનવશરીરની મહત્તાનાં કારણો *

ભારતની તાત્ત્વિક પદ્ધતિમાં માનવજીવન કે માનવ-શરીરની મહત્તા ત્રણ મુખ્ય કારણોને લીધે માનેલી છે. એક તો માનવશરીરની પ્રાપ્તિ જ કોઈ શુભ કર્મના ફલ-સ્વરૂપ છે માટે : આ સંસારમાં લાખોકરોડો યોનિ છે. તેમાં જુદા જુદા જીવો સુખદુઃખ ભોગવે છે. તે પછી જીવાત્માને મહાન માનવશરીર મળે છે. એટલે જ માનવશરીરને દુર્લભ કહ્યું છે. ઘણા વખતે તે મળી શકે છે. દેવો પણ તેની કામના કરે છે. બીજું કારણ તે દ્વારા માણસ સાચાખોટાનો કે સારાનરસાનો, સુખદુઃખનો ને બંધનમુક્તિનો તેમ જ જીવન ને મુક્તિ તથા આત્મા–અનાત્માનો વિચાર કરી શકે છે. વિવેક કરવાની એવી શક્તિ માણસમાં સારી પેઠે રહેલી છે ને તે તેને બીજાં પ્રાણી કરતાં જુદો પાડીને મહાન બનાવે છે. ત્રીજું ને સૌથી પ્રબળ કારણ એ છે કે આ જીવન કે શરીર દ્વારા માણસ પોતાનું ને સમસ્ત સંસારનું રહસ્ય ઉકેલી ને વિવેકનો ઉપયોગ કરીને શોક, મોહ, દુઃખ, બંધન તેમ જ અલ્પતામાંથી મુક્તિ મેળવી શકે છે. સાર્વત્રિક પ્રેમ, પવિત્રતા, આનંદ, જ્ઞાન ને સેવાવૃત્તિદ્વારા તે બીજાને પણ મદદરૂપ થઈ શકે છે, સંસારને માટે પણ કૈક નક્કર કાર્ય કરી શકે છે ને જીવનનું રહસ્ય હાથ કરે છે. આ જીવન-દ્વારા પૂર્ણતા ને મુક્તિ મેળવીને જીવનના વિકાસને છેલ્લી કક્ષાએ પહોંચાડી શકે છે.

યોગેશ્વરજી

# * સંસાર ભાડુતી ઉતારો કે ધર્મશાળા છે *

મમતા પણ માણસ શેમાં કરે? પોતાની એવી કોઇ વસ્તુ હોય તો તો તેમાં મમતાને સ્થાન હોઇ શકે : પણ આ પરિવર્તનશીલ સંસારમાં પોતાની એવી વસ્તુ જ કઇ છે? ચોમાસાના પૂરથી પ્રચંડપણે ઉછાળા મારતી ગંગામાં કે એથીયે વિશાળ સાગરમાં કોઇક કારણથી બે લાકડાં ભેગાં થયાં ને પાણીના પ્રવાહમાં પ્રેમ કરતાં આગળ ને આગળ વધવા માંડયાં. આ તેમનું સહજીવન ને મમતામય જીવન થયું. પણ એ મમતામય જીવન કેટલુંક ટકી શકે છે? પાણીનો એક એવો જ બીજો પ્રચંડ ઉછાળો આવતાં તે છૂટાં પણ પડી જાય છે, ઊંચકાઇને દૂર ફેંકાય છે, ને પાણીના અનંત પ્રવાહમાં જેમ એકલવાયાં આવીને ભેગાં થઇ વહેવા માંડયાં હતાં તેવી જ રીતે એકલવાયાં છૂટાં પડે છે ને વળી વહેવા માંડે છે. જીવનનો પ્રવાસ પણ એવો જ આશ્ચર્યકારક છે. તેનો સમય કેટલીક વાર પ્રમાણમાં વધારે ને કેટલીક વાર ખૂબ લાંબો, સો વર્ષથી પણ વધારે થઇ જાય છે. તે પ્રવાસમાં લાકડાંના ટુકડાની જેમ ભેગાં થતાં સ્વજનો ને સંસારના બીજા પદાર્થો વધારે આનંદ આપે છે ને મમતાની વધારે મીઠી મોહિનીનું કારણ બને છે : પરંતુ તેનું પણ અંતિમ પરિણામ એવું જ આવે છે. કામના પ્રચંડ સાગરમાં મૃત્યુ કે વિયોગના મોજાનો એક જ ઉછાળો આવતાં મમતાની બધી જ દુનિયા ભાંગીને ભુક્કો થઇ જાય છે ને સંસારના માયાવી પદાર્થને છોડીને દૂરના પ્રવાસે ચાલવું પડે છે. નથી પછી કોઇને મળવાનું થતું કે નથી કોઇની ટપાલખબર કે ક્ષેમકુશળની કથા સાંભળવા મળતી. સંસારના પદાર્થોનો સમાગમ એવો છે. લૌકિક ભાષા ને ભાવમાં કહીએ તો આ સંસાર એક ભાડૂતી ઉતારો કે ધર્મશાળા છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ–શ્રીનારાયણ હ. જાની, પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧. ફોન : ૨૫૮૧૧